सत्यमेव जयते

ગુજરાત વિધાનસભા સચિવાલય

ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૬ના પ્રથમ અધિવેશન
(૧૪મી ફેબ્રુઆરીથી ૩૧મી માર્ચ)માં થયેલા કામકાજનો

# ટૂંકો અહેવાલ

*

અમદાવાદ
સરકારી મધ્યસ્થ પ્રેસ
૧૯૬૬

## પ્રસ્તાવના

આ પ્રકાશનમાં ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૬ના પ્રથમ અધિવેશન (૧૪મી ફેબ્રુઆરીથી ૩૧મી માર્ચ)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો ઉપર સ્પષ્ટીકરણ આપતી ટૂંકી નોંધો આપેલી છે. શક્ય હોય ત્યાં આમાંની કેટલીક બાબતો અંગે આંકડાવાર માહિતી પણ આપી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
નવી સિવિલ હોસ્પિટલ,
અમદાવાદ-૧૬, તા. ૨૦મી એપ્રિલ, ૧૯૬૬.

હ. ભ. શુક્લ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

*With the Compliments of Secretary,*
*Gujarat Legislature Secretariat,*
*Ahmedabad—16.*

---

સચિવ,
ગુજરાત વિધાનસભા સચિવાલય, અમદાવાદ-૧૬.
તરફથી સાદર.

## અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાનું ક્રમ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૬ના પ્રથમ અધિવેશન (૧૪મી ફેબ્રુઆરીથી ૩૧મી માર્ચ)માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ. .. .. | ૧ |
| ૨. | પત્રક ક્રમાંક-૧. સન ૧૯૬૬ના પ્રથમ અધિવેશન દરમિયાન ગુજરાત વિધાન-સભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ. .. .. .. | ૭ |
| ૩. | પત્રક ક્રમાંક-૨. જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી. .. | ૨૪ |
| ૪. | પત્રક ક્રમાંક-૩. જુદી જુદી સમિતિઓ ઉપર અધ્યક્ષશ્રીએ નીમેલા સભ્યો. .. | ૨૫ |
| ૫. | પત્રક ક્રમાંક-૪. અધ્યક્ષશ્રીએ નીમેલી પ્રમુખોની પેનલ. .. .. | ૨૯ |
| ૬. | પત્રક ક્રમાંક-૫. સરકારી વિધેયકો. .. .. .. | ૩૦ |
| ૭. | પત્રક ક્રમાંક-૬. રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો. .. .. | ૩૪ |
| ૮. | પત્રક ક્રમાંક-૭. પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો. .. .. .. .. | ૩૫ |
| ૯. | પત્રક ક્રમાંક-૮. સન ૧૯૬૬-૬૭ના વર્ષ માટેની માગણીઓ. .. | ૩૬ |
| ૧૦. | પત્રક ક્રમાંક-૯. સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેની પૂરક માગણીઓ. .. | ૩૯ |
| ૧૧. | પત્રક ક્રમાંક-૧૦. તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ (આંકડામાં). .. .. .. .. | ૪૦ |
| ૧૨. | પત્રક ક્રમાંક-૧૧. તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં). .. | ૪૧ |
| ૧૩. | પત્રક ક્રમાંક-૧૨. અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં). .. | ૪૨ |
| ૧૪. | પત્રક ક્રમાંક-૧૩. બિન-સરકારી સંકલ્પો. .. .. .. | ૪૩ |
| ૧૫. | પત્રક ક્રમાંક-૧૪. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૫ (બીજા પ્રસ્તાવો) હેઠળની સૂચનાઓ. .. .. .. | ૪૪ |
| ૧૬. | પત્રક ક્રમાંક-૧૫. વિભાજન. .. .. .. | ૪૫ |

## ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૬ના પ્રથમ અધિવેશન (૧૪મી ફેબ્રુઆરીથી ૩૧મી માર્ચ)માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ.

### પ્રારંભિક

ગુજરાત વિધાનસભાનું સન ૧૯૬૬નું પ્રથમ અધિવેશન સોમવાર, તા. ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૬૬ના રોજ વિધાનસભાગૃહ, અમદાવાદમાં શરૂ થયું હતું અને ગુરૂવાર, તા. ૩૧મી માર્ચ, ૧૯૬૬ના રોજ સમાપ્ત થયું હતું. આ અધિવેશનમાં વિધાનસભા કુલ ૩૨ દિવસ મળી હતી અને તેમાં ૩૨ બેઠકો થઈ હતી. અધિવેશન દરમિયાન વિધાનસભાએ કુલ ૧૨૯ કલાક અને ૧૭ મિનિટ કામ કર્યું હતું.

### હાજરી

અધિવેશન દરમિયાન એક દિવસે વધારેમાં વધારે હાજરી ૧૩૬ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૦૦ હતી. સરેરાશ હાજરી ૧૨૦ હતી.

### રોજેરોજના કામકાજનો સારાંશ

વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક-૧માં આપ્યો છે.

### વિધાનસભાની જુદી જુદી સમિતિઓ વગેરે ઉપર સભ્યોની ચૂંટણીઓ/નિમણૂકો.

અધિવેશન દરમિયાન જાહેર હિસાબ સમિતિ અને અંદાજ સમિતિ ઉપર સભ્યોની ચૂંટણી થઈ હતી. (જુઓ પત્રક ક્રમાંક-૨) અધિવેશન દરમ્યાન નીચેની સમિતિઓની અધ્યક્ષશ્રીએ નિમણૂક કરી હતી:—

(૧) નિયમો માટેની સમિતિ

(૨) અરજી સમિતિ

(૩) વિશેષાધિકાર સમિતિ

(૪) ખાતરી સમિતિ

(૫) સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ.

(૬) ગૌણ વિધાન સમિતિ

(૭) કામકાજ સલાહકાર સમિતિ

(૮) બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિ

(૯) ગૃહની બેઠકમાંથી સભ્યોની ગેરહાજરી માટેની સમિતિ

(૧૦) ગુજરાત વિધાનસભાના સભ્યોનાં ભથ્થાં બાબતના નિયમો માટેની સમિતિ.

(જુઓ પત્રક ક્રમાંક-૩)

અધ્યક્ષશ્રીએ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં કામ કરવા માટે પ્રમુખોની પેનલની પણ નિમણૂક કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૪)

## જુદી જુદી સંસ્થાઓ ઉપર સભ્યોની ચૂંટણી.

અધિવેશન દરમિયાન તા. ૩૧મી માર્ચ, ૧૯૬૬ના રોજ શ્રીમતી સુમિત્રાબેન હરિપ્રસાદ ભટ્ટને વેસ્ટર્ન રેલ્વેની ટાઈમ ટેબલ કમિટિની ખાલી પડેલ જગ્યા ઉપર ચૂંટાયેલ જાહેર કરવામાં આવ્યાં હતાં.

## વટહુકમ

તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૬૬ના રોજ નીચેનો વટહુકમ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો હતો :—

સન ૧૯૬૩નો ગુજરાત નગરપાલિકા અધિનિયમ વધુ સુધારવા અને પેટલાદ નગરપાલિકાની રચના અને તેનાં કાર્યો કાયદેસર ઠરાવવા બાબતનો વટહુકમ (સન ૧૯૬૬નો વટહુકમ ક્રમાંક-૧.)

## રાજ્યપાલશ્રીનું સંબોધન

ભારતના બંધારણના અનુચ્છેદ ૧૭૬(૧) અનુસાર રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૬૬ના રોજ બપોરે ૧૨-૦૦ વાગે સંબોધન કર્યું હતું અને તે દિવસે શ્રીમતી મંજુલાબેન દવેએ રાજ્યપાલશ્રીના સંબોધન માટે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેનું શ્રી મનુભાઈ પટેલે સમર્થન કર્યું હતું. આભાર પ્રસ્તાવ પર ૫૩ સુધારાઓની સૂચના આવી હતી, જેમાંથી અધ્યક્ષશ્રીએ ૬ સુધારાઓ અમાન્ય કર્યા હતા. માન્ય કરવામાં આવેલા ૪૭ સુધારાઓમાંથી એક પણ સુધારો ગૃહમાં રજૂ કરવામાં આવ્યો ન હતો.

રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર તારીખ ૨૧, ૨૨ અને ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૬૬ના રોજ ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચામાં ૫૬ સભ્યોએ ભાગ લીધો હતો. ચર્ચાને અંતે રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

## સરકારી વિધેયકો

અધિવેશન માટે કાર્યાવલીમાં ૧૧ વિધેયકો બતાવવામાં આવ્યાં હતા, તેમાંથી ૯ વિધેયકો પસાર કરવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૫)

## બિન-સરકારી વિધેયકો

### (૧) રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો

અધિવેશન દરમિયાન ૩ બિન-સરકારી વિધેયકોની સૂચના મળી હતી. તેમાંથી ૨ વિધેયકો રજૂ કરવામાં આવ્યાં હતાં. જ્યારે એક વિધેયકની સૂચના મોડી આવવાથી તેને રજૂ કરવા માટેની પરવાનગી મળી ન હતી. (જુઓ પત્રક ક્રમાંક-૬)

### (૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં ત્રણ બિન-સરકારી વિધેયકો હતાં. તેમાંથી ૨ વિધેયકો નામંજૂર થયાં હતાં, જ્યારે ૧ વિધેયક પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરીને લીધે ચર્ચા માટે લેવાયું ન હતું. (જુઓ પત્રક ક્રમાંક-૭)

### નાણાકીય કામકાજ

સન ૧૯૬૬-૬૭ના અંદાજપત્ર અનુદાનો તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૬૬ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતાં, જેમાં નવા કરવેરાની કોઈ દરખાસ્ત કરવામાં આવી ન હતી. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા તારીખ ૩, ૪, ૮ અને ૯મી માર્ચ, ૧૯૬૬ના રોજ કરવામાં આવી હતી. આ ચર્ચામાં કુલ ૬૫ સભ્યોએ (મંત્રીશ્રીઓ સિવાય) ભાગ લીધો હતો. તારીખ ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૨ અને ૨૪મી માર્ચ, ૧૯૬૬ના રોજ (કુલ ૧૦ દિવસ) અનુદાનો માટેની માગણીઓ પર ચર્ચા કરવામાં આવી હતી અને મત લેવામાં આવ્યા હતા. કુલ ૮૧ માગણીઓ ગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી, જેમાંની ૫૩ માગણીઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બધી માગણીઓ સભાગૃહે મંજૂર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૮) કોઈ માગણીઓ ઉપર કાપદરખાસ્તની સૂચનાઓ આવી ન હતી.

સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેનું ખર્ચનું પૂરક પત્રક માનનીય નાણા મંત્રીશ્રીએ તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૬૬ના રોજ સભાગૃહમાં રજૂ કર્યું હતું. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન તારીખ ૨૮મી ફેબ્રુઆરી અને ૧લી માર્ચ, ૧૯૬૬ના રોજ કરવામાં આવ્યાં હતાં. કુલ ૩૮ પૂરક માગણીઓ ગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી, જેમાંથી ૧૦ પૂરક માગણીઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બધી પૂરક માગણીઓ સભાગૃહે મંજૂર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૯) પૂરક માગણીઓ પર કોઈ કાપદરખાસ્તની સૂચના આવી ન હતી.

તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૬૬ સુધી આકસ્મિક ખર્ચ ફંડમાંથી મંજૂર થયેલી અને જેને માટેની પૂરક માગણીઓનો સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેના ખર્ચના પૂરક વિવરણ પત્રકમાં સમાવેશ કરવામાં આવ્યો નથી, તેવી પેશગીઓ દર્શાવતું વિવરણ પત્રક માનનીય નાણા મંત્રીશ્રીએ તારીખ ૨જી માર્ચ, ૧૯૬૬ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકયું હતું.

### તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો

આ સત્ર દરમ્યાન ૭૭૯ તારાંકિત પ્રશ્નો, ૯૩ અતારાંકિત પ્રશ્નો અને ૩૭ ટૂંકી મુદતના પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા પ્રશ્નોની ખાતાવાર માહિતી આ સાથેના પત્રકો ક્રમાંક-૧૦, ૧૧ અને ૧૨માં આપવામાં આવી છે.

### બિન-સરકારી સંકલ્પો

અગાઉ નક્કી કરવામાં આવેલ સભાઓની તારીખવાર યાદી પ્રમાણે તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૪મી માર્ચ અને ૩૧મી માર્ચ, ૧૯૬૬, એમ ૩ દિવસ બિન-સરકારી સંકલ્પોની ચર્ચા માટે ઠરાવવામાં આવ્યા હતા; પરંતુ પાછળથી તેમાં કેટલાક ફેરફારો થવાથી તા. ૧૬મી ફેબ્રુઆરી અને ૨૩મી માર્ચ, ૧૯૬૬ એમ ૨ દિવસોએ બિન-સરકારી સંકલ્પો ચર્ચા માટે લેવામાં આવ્યા હતા.

બિન-સરકારી સંકલ્પોની બધી મળીને કુલ ૧૮૮ સૂચનાઓ આવી હતી, જેમાંથી ૧૮૩ સૂચનાઓ અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૩)

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ (ટૂંક સમયની ચર્ચા) હેઠળની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ હેઠળ ટૂંક સમયની ચર્ચા ઊભી કરવા માટે કુલ ૫ સૂચનાઓ આવી હતી, જેમાંથી ૧ સૂચના દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી વિ. સ. સ. શ્રી છબીલદાસ પ્રા. મહેતાની અમદાવાદ શહેરમાં ફેલાયેલા કોલેરાના રોગચાળા બાબતની સૂચના તા. ૨૯મી માર્ચ, ૧૯૬૬ના રોજ સભાગૃહમાં ચર્ચાઈ હતી. આ સૂચનાની ચર્ચા માટે દોઢ કલાક ફાળવવામાં આવ્યો હતો.

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ (ધ્યાન દોરવા બાબત) હેઠળની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબતો પર ધ્યાન દોરવા બાબતની કુલ ૭ સૂચનાઓ આવી હતી, જેમાંની એક પણ સૂચના દાખલ કરવામાં આવી ન હતી.

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૪ હેઠળ અધિવેશનને છેલ્લે દિવસે થઈ શકે તેવા પ્રસ્તાવો

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૪ હેઠળ અધિવેશનને છેલ્લે દિવસ થઈ શકે તેવા ૧૩ પ્રસ્તાવોની સૂચનાઓ આવી હતી. આ બધી જ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. વિધાનસભાના નિયમ ૧૦૪ ના પેટા નિયમ (૪)માં કરવામાં આવેલ જોગવાઈ અનુસાર એક પ્રસ્તાવ કરતાં વધારે પ્રસ્તાવ ઉપર ચર્ચા થઈ શકે તેમ ન હોવાથી, દાખલ કરવામાં આવેલા પ્રસ્તાવો પૈકી કયો પ્રસ્તાવ ચર્ચા માટે લેવો તે નક્કી કરવા માટે તા. ૨૯મી માર્ચ, ૧૯૬૬ના રોજ બેલટ યોજવામાં આવ્યો હતો. આ બેલટમાં વિ. સ. સ. શ્રી સુરજમલ મા. શાહનો રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ માટે અમુક પગલાં ભરવાનું સૂચન કરતો પ્રસ્તાવ આવ્યો હતો, જેના પર તા. ૩૧મી માર્ચ, ૧૯૬૬ના રોજ સભાગૃહમાં ચર્ચા થઈ હતી. આ પ્રસ્તાવની ચર્ચા માટે દોઢ કલાક ફાળવવામાં આવ્યો હતો.

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૫ (બીજા પ્રસ્તાવો) હેઠળની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૫ હેઠળ "બીજા પ્રસ્તાવો"ની કુલ ૭ સૂચનાઓ આવી હતી. આ સૂચનાઓ પૈકી ૬ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. પરંતુ તે બધી સૂચનાઓ સભાગૃહમાં ચર્ચા માટે લેવામાં આવી ન હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૪)

## સમિતિઓની બેઠકો

અધિવેશન દરમિયાન નીચે જણાવેલી સમિતિઓની બેઠકો થઈ હતી :—

(૧) ગુજરાત વિધાનસભાના નિયમો માટેની સમિતિ

(૨) સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ

(૩) કામકાજ સલાહકાર સમિતિ

(૪) બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિ

(૫) જાહેર હિસાબ સમિતિ

## વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા અહેવાલો વગેરે

અધિવેશન દરમિયાન નીચે જણાવેલા અહેવાલો વગેરે વિધાનસભામાં રજૂ થયા હતા અથવા ચર્ચાયા હતા

| અનુ-ક્રમાંક | અહેવાલ | રજૂ થયાની તારીખ | ચર્ચાયાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિના અહેવાલો. | (૧) ૧૬-૨-૬૬<br>(૨) ૪-૩-૬૬<br>(૩) ૨૩-૩-૬૬<br>(૪) ૨૯-૩-૬૬ | |
| ૨. | બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના અહેવાલો. | (૧) અઠ્ઠાવીસમો અહેવાલ ૧૬-૨-૬૬<br>(૨) ઓગણત્રીસમો અહેવાલ ૨૪-૨-૬૬<br>(૩) ત્રીસમો અહેવાલ ૨૩-૩-૬૬ | |
| ૩. | ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશનનો સન ૧૯૬૩-૬૪નો હિસાબ તપાસણી અહેવાલ. | ૧૫-૨-૬૬ | |
| ૪. | ગુજરાત ગૃહનિર્માણ બોર્ડનો સન ૧૯૬૩-૬૪નો હિસાબ તપાસણી અહેવાલ. | ૧૫-૨-૬૬ | |
| ૫. | ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનું સન ૧૯૬૪-૬૫નું કામકાજ. | | ૧૫-૨-૬૬ |
| ૬. | ગુજરાત કામદાર કલ્યાણ મંડળનું સન ૧૯૬૪-૬૫નું કામકાજ. | | ૧૫-૨-૬૬ |
| ૭. | ગુજરાત ગૃહનિર્માણ મંડળનું સન ૧૯૬૪-૬૫નું કામકાજ. | | ૧૭-૨-૬૬ |
| ૮. | ગુજરાત ઔદ્યોગિક વિકાસ મંડળનું સન ૧૯૬૪-૬૫નું કામકાજ. | | ૨-૩-૬૬ |
| ૯. | ગુજરાત વિદ્યુત મંડળનો સન ૧૯૬૪-૬૫નો પ્રશાસકીય અહેવાલ. | ૪-૩-૬૬ | |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૦. | ગુજરાત વિદ્યુત મંડળનું સન ૧૯૬૬-૬૭નું વાર્ષિક નાણાકીય વિવરણ પત્રક (અંદાજ). | ૪-૩-૬૬ | |
| ૧૧. | ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનનો સન ૧૯૬૪-૬૫નો વાર્ષિક અહેવાલ અને હિસાબો. | ૯-૩-૬૬ | |
| ૧૨. | ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશનનું સન ૧૯૬૬-૬૭નું અંદાજપત્ર. | ૧૬-૩-૬૬ | |
| ૧૩. | ગુજરાત ગૃહનિર્માણ બોર્ડનું સન ૧૯૬૬-૬૭નું વાર્ષિક અંદાજપત્ર, ગૃહ નિર્માણ માટેનો કાર્યક્રમ અને મહેકમ દર્શાવતું પત્રક. | ૨૧-૩-૬૬ | |
| ૧૪. | ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનનો સન ૧૯૬૩-૬૪ નો વાર્ષિક અહેવાલ અને કમિશનની સલાહ જે કિસ્સાઓમાં સ્વીકારવામાં આવી નથી તે કિસ્સાઓમાં તે ન સ્વીકારવા માટેનાં કારણો દર્શાવતી યાદી. | ૩૦-૩-૬૬ | |
| ૧૫. | ભાવનગર પબ્લિક ડેરી લિ. નો સન ૧૯૬૪-૬૫નો અહેવાલ અને હિસાબ. | ૩૧-૩-૬૬ | |
| ૧૬. | ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનનો સન ૧૯૬૪-૬૫નો વહીવટી અહેવાલ. | ૩૧-૩-૬૬ | |
| ૧૭. | ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનનો સન ૧૯૬૫-૬૬નો સુધારેલો અંદાજ અને સન ૧૯૬૬-૬૭નો અંદાજ. | ૩૧-૩-૬૬ | |
| ૧૮. | ગુજરાત વિધાનસભાના નિયમો માટેની સમિતિનો અહેવાલ | ૧૭-૨-૬૬ | |
| ૧૯. | અંદાજ સમિતિનો બારમો અહેવાલ. | | ૧૭-૨-૬૬ |
| ૨૦. | જાહેર હિસાબ સમિતિનો સાતમો અહેવાલ. | ૧૮-૩-૬૬ | ૨૯-૩-૬૬ |

## શોકદર્શક ઉલ્લેખો

(૧) ભારતના વડા પ્રધાન સદ્‌ગત શ્રી લાલબહાદુર શાસ્ત્રી, સૌરાષ્ટ્રના ભૂતપૂર્વ રાજ્યપ્રમુખ સદ્‌ગત નામદાર જામસાહેબ દિગ્વિજયસિંહજી, ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ સભ્ય શ્રી પરમાણંદદાસ કથ્રેચા અને અગાઉની સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્ય શ્રી માલદેવ રાણાના અવસાનો અંગે શોકદર્શક ઉલ્લેખ તા. ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૬૬ના રોજ વિધાનસભામાં કરવામાં આવ્યો હતો, અને તેઓને સ્મરણાંજલી અર્પ્યા બાદ સદ્‌ગત વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીના માનમાં કંઈપણ કામકાજ કર્યા સિવાય સભા મુલતવી રહી હતી.

(૨) વિધાનસભાના સદ્ગત સભ્ય શ્રી ઈશ્વરભાઈ છોટુભાઈ દેસાઇના અવસાન અંગે તા. ૨૨મી માર્ચ, ૧૯૬૬ના રોજ વિધાનસભામાં શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને તેમને અંજલિ આપવામાં આવી હતી.

### વિભાજન

અધિવેશન દરમિયાન કુલ ૩ વખત વિભાજનની માગણી કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૫).

### સભાત્યાગ

તા. ૩જી માર્ચ, ૧૯૬૬ના રોજ વિ. સ. સ. શ્રી બિપિનચંદ્ર ભટ્ટે તેમના પ્રશ્નના પેટા પ્રશ્નોના જવાબો સામે અસંતોષ વ્યકત કરી સભાત્યાગ કર્યો.

તા. ૧૮મી માર્ચ, ૧૯૬૬ના રોજ હિસાબના મુખ્ય સદર ૧૦૩ રાજ્ય બાંધકામની માગણી ઉપરની ચર્ચા દરમ્યાન વિ. સ. સ. શ્રી લાલસિંહજી રહેવરે સભાત્યાગ કર્યો.

તા. ૨૩મી માર્ચ, ૧૯૬૬ના રોજ વિ. સ. સ. શ્રી ભીમજીભાઈ પટેલને અધ્યક્ષશ્રીએ બોલવાની રજા ન આપવાથી વિરોધમાં વિ. સ. સ. શ્રી ભીમજીભાઈ પટેલ તથા વિ. સ. સ. શ્રી રણજીતરાય શાસ્ત્રીએ સભાત્યાગ કર્યો.

તા. ૨૪મી માર્ચ, ૧૯૬૬ના રોજ હિસાબના મુખ્ય સદર ૩૪-સહકારની માગણી ઉપરની ચર્ચા દરમ્યાન વિરોધપક્ષના સભ્યોએ સભાત્યાગ કર્યો.

### વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકો

| | | |
|---|---|---|
| (ક) | પ્રેક્ષકો માટેની દીર્ધામાં આવેલા પ્રેક્ષકો | ૨૫૨૪ |
| (ખ) | ૫૨ સંસ્થાઓ અને શાળાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકોની સંખ્યા. | ૩૧૧૯ |
| (ગ) | અધ્યક્ષ દીર્ધામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા. | ૧૪૭૮ |
| (ઘ) | અતિથિ વિશેષ દીર્ધામાં આવેલા પ્રેક્ષકો. | ૧૮૭ |
| | કુલ | ૭૩૦૮ |

### પત્રક ક્રમાંક - ૧

સન ૧૯૬૬ના પ્રથમ અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ.

### સોમવાર, તા. ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૬૬.

૧. રાજ્યપાલશ્રીએ ગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.

૨. ભારતના વડાપ્રધાન, સદ્ગત શ્રી લાલબહાદુર શાસ્ત્રી, સૌરાષ્ટ્રના ભૂતપૂર્વ રાજ-પ્રમુખ, સદ્ગત નામદાર જામસાહેબ શ્રી દિગ્વિજયસિંહજી, ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ સભ્ય સદ્ગત શ્રી પરમાણંદદાસ કથ્રેચા તથા સૌરાષ્ટ્રની વિધાનસભાના સભ્ય, સદ્ગત શ્રી માલદેવ રાણાના અવસાનો અંગે શોકદર્શક ઉલ્લેખો થયા અને તેઓને સ્મરણાંજલિ આપવામાં આવી, ત્યારબાદ સદ્ગત વડાપ્રધાન શ્રી શાસ્ત્રીના માનમાં કાંઈપણ કામકાજ કર્યા સિવાય સભા મુલતવી રહી.

મંગળવાર, તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૬૬

૧. પહેલી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૧૮૩૦, ૧૦૫૯૪, ૧૨૫૩૦, ૧૨૬૧૮, ૧૧૭૧૨, ૧૧૭૧૩, (છેલ્લા બે સાથે) ૧૨૭૯૪, ૧૨૯૪૧, ૧૩૦૫૭, ૧૧૨૮૨, ૧૧૫૨૩, ૧૧૯૪૧, ૧૧૯૯૯, ૧૨૦૮૧, ૧૨૫૧૫, ૧૨૦૦૧, ૧૨૧૩૭, અને ૧૨૫૬૮ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૦૭૩૩ અને ૧૨૧૮૮ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. વિ. સ. સ., શ્રીમતી મંજુલાબહેન દવેએ રાજ્યપાલશ્રીના સંબોધન માટે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો. અધ્યક્ષશ્રીએ સંબોધન પરની ચર્ચા અને આભાર પ્રસ્તાવ ઉપરના સુધારાઓની સુચનાઓ આપવા માટેના સમયપત્રકની જાહેરાત કરી.

૩. સચિવશ્રીએ જે ચાર વિધેયકોને રાષ્ટ્રપતિની અનુમતિ મળી હતી તેમજ જે છ વિધેયકોને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તેનાં શીર્ષક વાંચી સંભળાવ્યાં.

૪. સુધરાઈ મંત્રી, શ્રી વજુભાઈ શાહે સન ૧૯૬૬નો વટહુકમ ક્રમાંક-૧ સન ૧૯૬૬નો ગુજરાત નગરપાલિકા (સુધારા) અને (પેટલાદ નગર પાલિકાને કાયદેસર ઠરાવવાથી જોગવાઈઓ) બાબતનો વટહુકમ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૫. ઉદ્યોગ મંત્રીશ્રીએ ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનનો સન ૧૯૬૩-૬૪નો હિસાબ તપાસણી અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૬. ગૃહ નિર્માણ મંત્રીશ્રીએ ગુજરાત ગૃહ-નિર્માણ બોર્ડનો સન ૧૯૬૩-૬૪નો હિસાબ તપાસણી અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૭. નાણા મંત્રીશ્રીએ ગુજરાતરાજ્યના એકત્રિત ભંડોળમાંથી તા. ૩૦-૧૦-૬૫થી તા. ૧૭-૧-૬૬ ના સમય દરમિયાન સરકારે આપેલી બાંયધરીની વિગત દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂકયું.

૮. સહકાર મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનું સન ૧૯૬૪-૬૫નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. કામકાજ પર ચર્ચા શરૂ થઈ.

ચર્ચાનો જવાબ સહકાર મંત્રીશ્રી વજુભાઈ શાહે આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૯. મજૂર મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત કામદાર કલ્યાણ મંડળનું સન ૧૯૬૪-૬૫નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. કામકાજ પર ચર્ચા શરૂ થઈ.

ચર્ચાનો જવાબ મજૂર મંત્રી, શ્રી મોહનલાલ વ્યાસે આપ્યો. ચર્ચા પૂરી થઈ.

બુધવાર, તા. ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૬૬.

૧. બીજી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૨૨૯૯, ૧૨૧૯૮, ૧૨૨૬૬, ૧૨૩૪૯, ૧૨૪૭૪, (છેલ્લા બે સાથે) ૧૨૫૦૬, ૧૨૬૭૬, ૧૨૭૯૩, ૧૨૯૧૨, ૧૨૯૪૨, ૧૨૩૫૮, ૧૨૫૭૭, ૧૨૪૧૬ ૧૨૮૧૮ અને ૧૨૪૩૦ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૨૧૭૭, ૧૨૪૫૯, ૧૨૫૬૩, ૧૨૩૧૪, ૧૨૭૧૫, અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો અઠ્ઠાવીસમો અહેવાલ સભાગૃહે માન્ય રાખ્યો.

૩. વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ સંકલ્પ રજૂ કર્યો કે રાજ્યના ખેત મજૂરોની અને ખાસ કરીને સુરત જિલ્લા હળપતિઓની આર્થિક સ્થિતિ પર વિચારણા કરી તેમના ઉત્કર્ષ માટે યોગ્ય સૂચનો કરવા વિધાનસભાના સભ્યોની સમિતિ નીમવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ આપ્યો. ચર્ચાબાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.

૪. વિ. સ. સ., શ્રી છબીલદાસ મહેતાએ સંકલ્પ રજૂ કર્યો કે રાજ્યના વર્તમાન વહીવટી તંત્રમાં વ્યાપેલી શિથિલતા દૂર કરી અરજદારોના કામોનો નિકાલ ઝડપી કરવા પ્રત્યેક ખાતામાં આવેલ અરજીઓનો નિકાલ સત્વરે થાય અને આવા નિકાલમાં ઢીલ માટે જવાબદારો સામે યોગ્ય પગલાં લઈ શકાય તેવું વ્યવસ્થા તંત્ર ઉભું કરવાની આ વિધાનસભાગૃહ સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ.

વિ. સ. સ., શ્રી છબીલદાસ મહેતાએ ચર્ચાનો જવાબ આપ્યો. તેમણે સંકલ્પ પાછો ખેંચવાની પરવાનગી માગતો પ્રસ્તાવ રજૂ કર્યો. તે પ્રસ્તાવ મત માટે મુકાતાં વિ. સ. સ. શ્રી નારણદાસ પોપટે વિભાજનની માગણી કરી. તરફેણમાં ૮૧ અને વિરૂદ્ધમાં ૨૦ મતો મળતાં સભ્યશ્રીને સંકલ્પ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવી.

૫. વિ. સ. સ., યુવરાજ શ્રી દિગ્વિજયસિંહજીની ગેરહાજરીને કારણે તેમનો સંકલ્પ રજૂ થઈ શક્યો નહિ.

૬. વિ. સ. સ. શ્રી નાગજીભાઈ આર્યે સંકલ્પ રજૂ કર્યો કે ગુજરાત રાજ્યના ગ્રામપ્રદેશમાં હરિજનો અને આદિવાસીઓ માટે વસવાટની સમસ્યા ઊભી થયેલી છે. તેથી તેમને વસવાટ માટે ગામઠાણની જમીન મળે તેવી વ્યવસ્થા કરવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને વિનંતી કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ.

ચર્ચાનો જવાબ વિ. સ. સ. શ્રી નાગજીભાઈ આર્યે આપ્યો. ચર્ચાબાદ સભાગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૭. વિ. સ. સ., શ્રી નારણભાઈ પટેલે સંકલ્પ રજૂ કર્યો કે ખેડૂતોને ખેતીના કામ માટે અવારનવાર નાણાકીય સગવડની જરૂર પડે છે તે માટે સહકારી સંસ્થાઓ દ્વારા ધીરાણની હાલની વ્યવસ્થામાં ધીરાણ પુરતા પ્રમાણમાં, સમયસર અને સરળ પદ્ધતિથી મળતું ન હોઈ ખેડૂતોને મુશ્કેલીઓ ભોગવવી પડે છે. આથી ખેડૂતોને તેમની જમીનની કિંમત મુકરર કરી તેની મર્યાદામાં તેમને જરૂર વખતે ધીરાણ મળી શકે તેવી વ્યવસ્થા કરવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ વિ. સ. સ., શ્રી નારણભાઈ પટેલે આપ્યો.

ચર્ચાબાદ સભાગૃહની મંજૂરીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૮. વિ. સ. સ., શ્રી ટીટાભાઈ હઠીલાએ સંકલ્પ રજૂ કર્યો કે પંચમહાલ જિલ્લો પછાત ગણાય છે. તેમાં ખાસ કરીને આદિવાસી, નાના ખેડૂતો વધારે પ્રમાણમાં છે, જેઓ ઘણાજ ગરીબ છે, વળી આ જિલ્લામાં લાગલગાટ દર ત્રણ ચાર વર્ષે દુષ્કાળ જેવાં વર્ષ આવતાં હોવાથી નાની ખેતીમાંથી પૂરતી આવક થતી નથી. જેથી વધારાની રોજી મેળવવા માટે દર સાલ આવા ખેડૂતોને ફરજિયાત ગુજરાતના અન્ય ભાગોમાં તેમજ રાજસ્થાન અને મધ્યપ્રદેશ બાજુ મજૂરીએ જવું પડે છે. આવા સંજોગોમાં તેમની શૈક્ષણિક, આર્થિક અને સામાજિક ઉન્નતિ થતી નથી. આ સંજોગોમાં આ

જિલ્લામાં વસતા લોકોને સ્થાનિક અને પુરતી મજૂરી મળી રહે તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટે મોટા ઉદ્યોગો, ધંધા શરૂ કરવા માટે આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ વિ. સ. સ. શ્રી ટીટાભાઈ હઠીલાએ આપ્યો.

ચર્ચા બાદ સભાગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૯. તા. ૧૬-૨-૬૬ના રોજ મળેલી કામકાજ સાલાહકાર સમિતિની ભલામણો ગૃહે મંજૂર કરી.

### ગુરૂવાર તા. ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૬૬

૧. ત્રીજી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૧૫૩૬, ૧૩૦૩૬, ૧૨૧૯૭, ૧૩૦૫૮, ૧૦૯૮૮, ૧૨૮૭૫, ૧૨૯૦૧, ૧૨૯૩૮, ૧૨૬૦૬, ૧૨૭૧૭, ૧૨૪૮૧, ૧૨૮૦૭, ૧૨૭૯૮, (છેલ્લા બે સાથે) ૧૨૯૮૬, ૧૧૯૬૩ અને ૧૨૦૧૯ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૩૦૩૧, ૧૨૭૭૯, અને ૧૦૬૯૦ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. અધ્યક્ષશ્રીએ પ્રમુખોની નામસુચિ પર ૪ સભ્યોની નિમણૂંક કરી.

૩. વિરોધપક્ષના નેતાશ્રીએ ગુજરાત વિધાનસભાના નિયમો માટેની સમિતિનો અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૪. ગૃહ નિર્માણ મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત ગૃહ નિર્માણ મંડળનું સન ૧૯૬૪-૬૫નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. કામકાજ પર ચર્ચા શરૂ થઈ.

ચર્ચાનો જવાબ ગૃહ નિર્માણ મંત્રીશ્રી મોહનલાલ વ્યાસે આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૫. અંદાજ સમિતિના પ્રમુખ, શ્રી ચંદ્રશંકર ભટ્ટે પ્રસ્તાવ રજૂ કર્યો કે અંદાજ સમિતિનો બારમો અહેવાલ વિચારણામાં લેવામાં આવે. અહેવાલ પર ચર્ચા શરૂ થઈ. ચર્ચાનો જવાબ અંદાજ સમિતિના અધ્યક્ષશ્રી ચંદ્રશંકર ભટ્ટે આપ્યો. ચર્ચા પૂરી થઈ.

### સોમવાર, તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૬૬.

૧. ચોથી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૨૨૨૬, ૧૨૨૪૭, ૧૨૯૩૧, ૧૪૦૧૫, ૧૨૭૮૭, ૧૨૯૯૫, ૧૩૦૦૩, ૧૨૩૦૧, ૧૨૪૬૯, ૧૨૩૭૮, ૧૨૪૮૭, ૧૨૪૩૮, ૧૨૯૩૩, ૧૩૦૭૫, ૧૨૫૭૧, ૧૨૩૭૯, ૧૩૦૩૨ અને ૧૩૦૧૦ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યશ્રીઓના પ્રશ્ન ક્રમાંક ૧૦૮૯૧ અને ૧૧૧૧૯ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. રાજ્યપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા પર ભાષણોની સમય મર્યાદા સંબંધી અધ્યક્ષશ્રીએ માર્ગદર્શન આપ્યું.

સભ્યશ્રીઓએ શ્રીમતી મંજુલાબહેન દવેના આભાર પ્રસ્તાવ પર આપેલા સુધારા રજૂ ન કર્યા. ૧૯ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

### મંગળવાર, તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૬૬.

૧. ટુંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૪૫૮૭, ૧૪૬૬૮ તેમજ પાંચમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૨૩૪૩, ૧૧૭૦૩, ૧૨૧૩૯, (છેલ્લા ત્રણ સાથે) ૧૨૮૯૩, ૧૨૯૫૦, (છેલ્લા બે સાથે) ૧૪૨૩૧,

૧૨૨૯૭, ૧૨૫૩૨, ૧૨૨૦૦, ૧૪૧૩૨, ૧૨૭૮૫, ૧૩૦૧૦, ૧૪૦૧૬, ૧૨૬૬૫, ૧૨૩૮૮, ૧૨૩૫૩, ૧૨૪૨૯, ૧૨૬૭૨, (છેલ્લા બે સાથે) તેમજ ૧૨૭૫૦ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યશ્રીનો પ્રશ્ન ક્રમાંક ૧૧૦૭૫ અતારાંકિત ગણવામાં આવ્યો.

૨. નાણા મંત્રીશ્રીએ સન ૧૯૬૫-૬૬ના નાણાકીય વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત કરી. અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત સાદર કરવાનો કાર્યક્રમ જાહેર કર્યો.

૩. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની અધૂરી રહેલી ચર્ચા ફરી શરૂ થઈ. ચર્ચામાં વધુ ૨૧ સભ્યોએ ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

### બુધવાર, તા. ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૬૬.

૧. છઠ્ઠી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૨૩૩૨, ૧૪૨૩૫, ૧૧૦૮૫, ૧૧૮૫૦, ૧૨૪૫૬, ૧૩૦૫૯, ૧૪૦૧૪, ૧૨૫૩૧, ૧૨૫૪૯, ૧૨૯૯૦, ૧૦૮૭૯, ૧૧૮૨૦, ૧૨૧૪૭, ૧૨૪૪૦ (છેલ્લા બે સાથે) ૧૨૪૬૪, ૧૨૫૨૨, ૧૨૬૨૦, ૧૪૧૩૪, તેમજ ૧૨૬૬૨ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યશ્રીનો પ્રશ્ન ક્રમાંક ૧૧૨૭૫ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે ગઈકાલે રાજ્યપાલશ્રીના સંબોધન ઉપરની ચર્ચા દરમ્યાન, વિ. સ. સ., શ્રી પાણેરીએ વર્તમાનપત્રમાં આવેલા એક કાર્ટુન વિષયક વાત કરતાં મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના મુખ્ય મંત્રીશ્રીનો ઉલ્લેખ કરી તેમના માટે જે વિશેષણો વાપર્યા છે, તે આ સભાગૃહના ગૌરવને છાજે તેવાં ન હોવાથી, તેમણે તે વિશેષણો કાર્યવાહીમાંથી કાઢી નાખવાનું નક્કી કર્યું છે.

૩. રાજ્યપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવ પરની અધૂરી રહેલી ચર્ચા ફરી શરૂ થઈ. ચર્ચામાં વધુ ૧૫ સભ્યોએ ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

### ગુરૂવાર, તા. ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૬૬.

૧. પહેલી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી, જેમાં નીચે જણાવેલા ક્રમાંકના પ્રશ્નો અને ઉત્તરોનો સમાવેશ થયો હતો :—

૧૦૬૯૨, ૧૧૦૭૨, ૧૧૧૭૪, ૧૨૧૨૫, ૧૨૧૪૧, ૧૨૩૮૩, ૧૨૪૨૬, ૧૨૬૪૧, ૧૨૬૫૯, ૧૨૬૯૫, ૧૨૬૯૭, ૧૨૭૨૯, ૧૨૭૩૨, ૧૩૦૬૪, ૧૩૦૮૯, ૧૩૦૯૧, ૧૪૦૦૯, ૧૪૦૨૧, ૧૪૦૨૨, ૧૪૦૨૮, ૧૪૦૭૦, ૧૪૦૯૫.

૨. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો ઓગણત્રીસમો અહેવાલ સભાગૃહે માન્ય રાખ્યો.

૩. સન ૧૯૬૬-૬૭ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત થઈ. નાણાં મંત્રીશ્રીએ અંદાજપત્ર પરનું પ્રવચન વાંચ્યું.

### શુક્રવાર, તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૬૬.

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૪૬૬૬, ૧૪૬૬૯ તેમજ સાતમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૨૫૮૧, ૧૨૨૭૦, ૧૨૪૫૩, (છેલ્લા બે સાથે) ૧૨૩૫૧, ૧૨૮૨૮, ૧૨૦૬૩ ૧૨૩૨૪,

૧૨૪૮૩ ૧૨૯૯૦, ૧૪૦૦૫, ૧૨૬૬૬, ૧૨૩૭૩, ૧૨૩૫૬, ૧૨૪૮૪, ૧૪૧૯૪, ૧૨૪૦૪, તેમજ ૧૩૦૬૬ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોશ્રીઓના પ્રશ્ન ક્રમાંક ૧૨૭૨૦, ૧૨૨૯૨, તેમજ ૧૨૭૨૫ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. નીચે જણાવેલાં બિન-સરકારી વિધેયકો પ્રભારી સભ્યોને દાખલ કરવાની રજા આપવામાં આવી, અને વિધેયકો દાખલ કરવામાં આવ્યા.

(૧) સન ૧૯૬૦નોગુજરાત વિધાનસભાના સદસ્યોના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ (સંશોધન) વિધેયક (પ્રભારી સભ્યશ્રી મગનભાઈ પટેલ).

(૨) સન ૧૯૫૦નો મુંબઈ પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ (સંશોધન) વિધેયક. (પ્રભારી સભ્યશ્રી છબીલદાસ મહેતા)

૩. નીચે જણાવેલાં બિન-સરકારી વિધેયકોને પહેલા વાંચન માટેના પ્રસ્તાવો રજૂ થયા અને ચર્ચા કરવામાં આવી.

(૧) સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩-સન ૧૯૬૬નું મુંબઈ કોર્ટ ફી (ગુજરાત સંશોધન) વિધેયક (પ્રભારી સભ્યશ્રી મનમોહનદાસ દેસાઈ) વિધેયક મત માટે મૂકવામાં આવ્યું અને નામંજૂર થયું.

(૨) સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧-સન ૧૯૬૬નું ગુજરાત નગર પાલિકા (સંશોધન) વિધેયક (પ્રભારી સભ્યશ્રી મનમોહનદાસ દેસાઈ) વિધેયક મત માટે મૂકવામાં આવ્યું અને નામંજૂર થયું.

૪. સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨-સન ૧૯૬૬નું મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સંશોધન) વિધેયક. પ્રભારી સભ્યશ્રી પ્રતાપરાય શાહની ગેરહાજરીને કારણે લઈ શકાયું નહિ.

## સોમવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૬૬.

૧. આઠમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૪૦૫૭, ૧૨૦૨૦, ૧૨૦૩૬, ૧૧૯૬૧, ૧૧૯૯૨, ૧૨૮૨૦, ૧૨૯૯૬, ૧૪૨૨૯, ૧૪૦૬૬, ૧૨૮૧૯, અને ૧૩૦૮૨ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યશ્રીઓના પ્રશ્નો ક્રમાંક ૧૪૦૧૨, ૧૨૯૧૧, ૧૨૨૦૭, ૧૩૦૬૦, ૧૦૯૭૪, ૧૧૧૦૦, ૧૨૫૧૧, ૧૨૬૧૬, અને ૧૪૨૮૩ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. નાણા મંત્રીશ્રીએ પૂરક માગણી પત્રકની વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી અને સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેના પૂરક પત્રકની રજૂઆત કરી.

અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત સાદર કરવાનો કાર્યક્રમ જાહેર કર્યો. હિસાબના મુખ્ય સદર "૨૭ વૈજ્ઞાનિક ખાતાં", "૨૮-શિક્ષણ" "૩૯-પરચૂરણ સામાજીક અને વિકાસ લક્ષી સંઘટનો" "૪૨-બહુલક્ષી નદી યોજનાઓ", "૪૩-સિંચાઈ, નૌ પરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો (વાણિજ્યિક)", "૪૪-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો (બિન-વાણિજ્યિક)", "૯૮-બહુલક્ષી નદી યોજનાઓ પરનું કેપિટલ ખર્ચ", "૯૯-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલના કામો પરનું કેપિટલ ખર્ચ (વાણિજ્યિક)" અને "૧૦૦-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો પરનું કેપિટલ ખર્ચ (બિન-વાણિજ્યિક)" અન્વયેની પૂરક માગણીઓ રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ ઉપરની ચર્ચાની મર્યાદાની સ્પષ્ટતા કરી. પૂરક માગણીઓ મંજૂર કરવામાં આવી.

## મંગળવાર, તા. ૧લી, માર્ચ, ૧૯૬૬.

૧. બીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી, જેમાં નીચે જણાવેલા ક્રમાંકના પ્રશ્નો અને ઉત્તરોનો સમાવેશ થયો હતો.

૧૦૪૩૧, ૧૧૦૭૩, ૧૨૦૯૦, ૧૨૧૭૬, ૧૨૩૮૪, ૧૨૩૮૫, ૧૨૪૯૯, ૧૨૭૨૧, ૧૨૯૯૧, ૧૩૦૬૧, ૧૩૦૮૧, ૧૩૦૯૦, ૧૩૦૯૯, ૧૪૦૧૯, ૧૪૦૩૨, ૧૪૦૩૪, ૧૪૦૫૨, ૧૪૦૬૪, ૧૪૦૯૬, ૧૪૧૦૦, ૧૪૧૧૪, ૧૪૧૪૩, ૧૪૧૬૬, ૧૪૨૧૨, ૧૪૪૨૪.

૨. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન બીજા અને છેલ્લા દિવસે ચાલું રહ્યું. હિસાબના મુખ્ય સદર "૨૯-તબીબી" "૩૦-જાહેર આરોગ્ય", "૬૪-દુષ્કાળ રાહત", "૧૨૪-સરકારી વેપાર યોજનાઓ પરનું કેપિટલ ખર્ચ" "૯૬-ઉદ્યોગ અને આર્થિક વિકાસ પરનું કેપિટલ ખર્ચ" "૯-જમીન મહેસુલ" "૧૦-રાજ્ય આબકારી જકાત" "૧૨-વેચાણ વેરો" "૧૩-બીજા કર અને જકાત" "૧૪-સ્ટેમ્પ્સ" "૧૫-નોંધણી ફી" "૧૮-સંસદ, રાજ્ય સંઘ, પ્રદેશ વિધાન મંડળો" "૧૯-સામાન્ય વહીવટ" "૨૧-ન્યાયતંત્રનો વહીવટ" "૨૨-જેલ" "૨૩-પોલીસ" ૨૬-પરચૂરણખાતાં" "૩૧-ખેતી" "૩૩-પશુપાલન" "૩૪-સહકાર" "૩૫-ઉદ્યોગ" "૫૦-બાંધકામ" "૫૩-બંદર અને બંદર વિષયક માર્ગદર્શન" "૬૫-પેન્શનો અને નિવૃતિના બીજા લાભો" "૬૮-લેખન સામગ્રી અને મુદ્રણ" "૭૦-વન" "૭૧-પરચૂરણ" "૭૮-એ-રાષ્ટ્રીય કટોકટી અંગેનું ખર્ચ" "૯૪-જાહેર આરોગ્ય પરની સુધારણા પરનું ખર્ચ" "૧૦૩-બાંધકામ પરનું કેપિટલ ખર્ચ" "૧૦૭-ગુજરાતના પાટનગર અંગેનું ખર્ચ" "૧૧૦-બંદરો પરનું કેપિટલ ખર્ચ" "૩૨૫-રાજ્ય સંઘ, પ્રદેશ સરકારો તરફથી લોનો અને પેશગીઓ" અન્વયેની માગણીઓ રજૂ થઈ. પૂરક માગણીઓ મંજૂર કરવામાં આવી. બધી પૂરક માગણીઓ પર ચર્ચા શરૂ થઈ.

## બુધવાર તા. ૨જી માર્ચ, ૧૯૬૬.

૧. ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૧૪૬૯૮, તેમજ નવમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૦૯૭૩, ૧૧૦૭૪, ૧૧૧૬૯, ૧૧૨૫૨, ૧૧૫૧૯, ૧૧૫૯૮, ૧૧૯૧૦, ૧૨૨૮૨, ૧૨૫૪૪, ૧૨૬૮૭, ૧૩૦૦૯, ૧૨૭૨૨, ૧૧૯૧૪, ૧૨૩૪૭, ૧૨૭૪૪, અને ૧૨૩૩૫ના જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૨૨૧૩, ૧૨૬૪૬, ૧૨૬૪૨ અને ૧૨૬૪૯ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. નાણા મંત્રીશ્રીએ તા. ૨૨મી ફેબ્રુઆરી ૧૯૬૬ સુધી આકસ્મિક ખર્ચ ફંડમાંથી મંજૂર થયેલી અને જેનો સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકમાં સમાવેશ કરવામાં આવ્યો નથી તેવી પેશગીઓ દર્શાવતું વિગતપત્રક ગૃહના મેજ ઉપર મૂક્યું.

૩. નીચે જણાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૬૬નું ગુજરાત પૂરક વિનિયોગ વિધેયક (૧૯૬૬નું ૧૦મું).

૪. ઉદ્યોગ મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત ઔદ્યોગિક વિકાસ મંડળનું સન ૧૯૬૪-૬૫નું કામકાજ વિચારણામાં લેવામાં આવે.

વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિહજી જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે સન ૧૯૬૪-૬૫ના ઓડિટેડ એકાઉન્ટસ સભાગૃહ સમક્ષ રજૂ કર્યા ન હોવાથી આ ચર્ચા થઈ શકે નહિ. વિ. સ. સ., શ્રી રતિભાઈ પટેલ તથા વિ. સ. સ., શ્રી બાબુભાઈ વૈદ્યે પોઈન્ટ ઓફ ઓર્ડરનું સમર્થન કર્યું. ઉદ્યોગ મંત્રીશ્રીને સાંભળ્યા બાદ અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો. ચર્ચા શરૂ થઈ.

ચર્ચાનો જવાબ ઉદ્યોગ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

મુખ્ય મંત્રીશ્રીએ અધ્યક્ષશ્રીની પરવાનગીથી જુદી જુદી જાતના ઘઉંના ભાવો બાંધવા બાબત નિવેદન કર્યું.

**ગુરૂવાર, તા. ૩જી માર્ચ, ૧૯૬૬.**

૧. દસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૩૦૪૫, ૧૪૦૩૮, ૧૪૧૪૦, ૧૧૮૬૨, ૧૦૭૯૪, ૧૧૫૦૬, ૧૧૮૨૧, ૧૧૯૦૨, ૧૨૦૩૦, ૧૪૧૩૦, ૧૪૧૯૫, ૧૨૧૯૨, અને ૧૪૧૫૭ના જવાબ આપવામાં આવ્યા તેમજ પ્રશ્નો ક્રમાંક ૧૨૨૭૬ અને ૧૨૧૮૨ના અંશત: જવાબ આપવામાં આવ્યા. અને પછી મુલતવી રાખવામાં આવ્યા.

સમયના અભાવે પ્રશ્નો ક્રમાંક ૧૪૨૦૧, ૧૪૨૮૫, ૧૪૨૯૧, ૧૪૨૯૮, અને ૧૪૨૯૯ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરી દરમિયાન વિ. સ. સ. શ્રી બિપિનચંદ્ર ભટ્ટે સભાત્યાગ કર્યો.

૨. અંદાજપત્ર પરની પહેલા દિવસની સામાન્ય ચર્ચા પહેલાં વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી જાડેજાએ ઔચિત્ય ભંગનો મુદ્દો ઉઠાવતાં જણાવ્યું કે અંદાજપત્ર અંગે જે પ્રકાશનો આપવામાં આવ્યાં છે તેમાં અમુક આંકડાઓમાં વિસંગતતા હોવાથી અંદાજપત્રની ચર્ચા થઈ શકે નહિ. નાણા મંત્રીશ્રીએ તે બાબત ખુલાસો કર્યો અને તે અંગે વધુ ખુલાસો પાછળથી કરવા જણાવ્યું. ત્યારબાદ અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા શરૂ થઈ. પહેલા દિવસે ચર્ચા અધૂરી રહી.

નાણા મંત્રીશ્રીએ શ્રી મનોહરસિંહજી જાડેજાએ સવારે ઉઠાવેલા ઔચિત્ય ભંગના મુદ્દા અંગે વધુ ખુલાસો કર્યો.

**શુક્રવાર, તા. ૪થી માર્ચ, ૧૯૬૬.**

૧. ગઈ કાલે પ્રશ્નોત્તરી દરમિયાન વિ. સ. સ., શ્રી બિપીનચંદ્ર ભટ્ટે સભા ત્યાગ કર્યો હતો તે અંગે નિર્ણય આપ્યો.

૨. ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૧૪૬૪૬, તેમજ અગિયારમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૨૩૩૦, ૧૨૭૮૪, ૧૨૭૮૯, ૧૨૯૫૯, ૧૪૦૪૦, ૧૪૧૮૪, ૧૪૧૦૨, ૧૩૦૨૩, ૧૨૩૫૨, ૧૪૦૫૮, ૧૪૨૧૧, ૧૨૪૩૬, ૧૨૪૭૫, ૧૪૧૫૩, ૧૪૨૯૨ તેમજ ૧૪૨૯૩ના જવાબ આપવામાં આવ્યા.

ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૧૪૭૨૦ તેમજ અગિયારમી તારાંકિત યાદીમાંથી પ્રશ્ન ક્રમાંક ૧૪૩૪૨, ૧૧૫૭૫, ૧૨૫૫૧, તેમજ ૧૪૦૦૧ પ્રશ્નોની સૂચના આપનાર સભ્યશ્રીઓની ગેરહાજરીને કારણે અતારાંકિત ગણવામાં આવ્યા.

૩. વિદ્યુત મંત્રીશ્રીએ ગુજરાત વિદ્યુત મંડળનો સન ૧૯૬૪-૬૫નો પ્રશાસકીય અહેવાલ ગૃહના મેજ પર મૂક્યો.

૪. તા. ૨-૩-૬૬ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો ગૃહે મંજૂર કરી.

૫. વિદ્યુત મંત્રીશ્રીએ ગુજરાત વિદ્યુત મંડળનું સન ૧૯૬૬-૬૭ નું વાર્ષિક નાણાકીય વિવરણ પત્રક (અંદાજ) ગૃહના મેજ ઉપર મૂક્યું.

૬. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા બીજે દિવસે ચાલુ રહી અને તે અધૂરી રહી.

**મંગળવાર, તા. ૮મી માર્ચ, ૧૯૬૬.**

૧. બારમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૨૦૦૮, ૧૨૦૯૭, ૧૨૪૫૦, ૧૨૭૨૩, ૧૪૦૯૧, ૧૪૪૩૧, ૧૨૬૮૮, ૧૨૮૯૭, ૧૪૦૧૮, ૧૪૦૬૩, ૧૨૨૩૧, ૧૪૧૧૮, ૧૨૨૩૩, ૧૩૦૦૬, ૧૪૧૯૧, અને ૧૪૩૩૩ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૪૩૪૧, ૧૩૦૫૨, ૧૩૦૩૯ તેમજ ૧૪૦૮૧ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ત્રીજે દિવસે ચાલુ રહી અને અધૂરી રહી.

## બુધવાર, તા. ૯મી માર્ચ, ૧૯૬૬.

૧. તા. ૩જી માર્ચ, ૧૯૬૬ના રોજ દસમી તારાંકિત યાદીમાં થી મુલતવી રાખવામાં આવેલો પ્રશ્ન ક્રમાંક ૧૨૨૭૬, તેમજ ૧૩મી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૪૧૧૯, ૧૨૪૨૧, ૧૪૧૬૧, ૧૪૪૧૮, ૧૧૯૭૪, ૧૨૬૩૪, ૧૨૯૧૬, ૧૪૧૩૬, ૧૪૧૮૯, ૧૪૧૪૭, ૧૪૨૦૬, ૧૪૨૧૯ તેમજ ૧૪૨૯૪ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૪૨૪૨, ૧૪૩૪૪, ૧૧૮૫૬, ૧૪૨૪૩, ૧૪૩૪૬, ૧૪૩૭૨ તેમજ ૧૪૪૩૮ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિ પર ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી.

૩. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિની નિમણૂંક કરી.

૪. અધ્યક્ષશ્રીએ બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિની નિમણૂંક કરી.

૫. અધ્યક્ષશ્રીએ ગૌણ વિધાન સમિતિની નિમણૂંક કરી.

૬. અધ્યક્ષશ્રીએ નિયમો માટેની સમિતિની નિમણૂંક કરી.

૭. ઉદ્યોગ મંત્રીશ્રીએ ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોરપોરેશન લિ.નો સન ૧૯૬૪-૬૫નો વાર્ષિક અહેવાલ અને હિસાબો વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૮. અંદાજપત્ર પરની ચર્ચા ચોથે અને છેલ્લે દિવસે ચાલુ રહી અને પૂરી થઈ.

## ગુરૂવાર, તા. ૧૦મી માર્ચ, ૧૯૬૬.

૧. ત્રીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી, જેમાં નીચે જણાવેલા ક્રમાંકના પ્રશ્નો અને ઉત્તરોનો સમાવેશ થયો હતો :—

૧૧૦૬૩, ૧૧૦૯૬, ૧૨૬૩૫, ૧૨૯૫૭, ૧૩૦૬૫, ૧૪૦૦૮, ૧૪૦૩૫, ૧૪૦૪૭, ૧૪૦૪૮, ૧૪૦૫૩, ૧૪૦૫૬, ૧૪૦૯૭, ૧૪૦૯૮, ૧૪૧૦૩, ૧૪૧૧૭, ૧૪૧૨૪, ૧૪૧૨૫, ૧૪૧૬૭, ૧૪૧૮૨ ૧૪૧૮૭, ૧૪૧૯૮, ૧૪૨૯૫, ૧૪૩૨૧, ૧૪૩૨૪, ૧૪૩૩૧.

૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન શરૂ થયું. મુખ્ય મંત્રીશ્રીની હિસાબના મુખ્ય સદર "૧૯-સામાન્ય વહીવટ" "૬૬-પ્રાદેશિક અને રાજકિય પેન્શન" "૧૯-સામાન્ય વહીવટ" "૨૧-ન્યાયાતંત્રનો વહીવટ" "૨૬-પરચૂરણ ખાતાં" "૭૧-પરચુરણ" "૧૯-સામાન્ય વહીવટ" "૨૩-પોલીસ" "૨૬-પરચુરણ ખાતાં" "૩૯-પરચૂરણ સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો" અને "૭૧-પરચૂરણ" અન્વયેની માગણીઓ રજૂ થઈ. બધી માગણીઓ પર ચર્ચા શરૂ થઈ. ચર્ચા બાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

૩. અધ્યક્ષશ્રીએ માગણીઓની ચર્ચા દરમિયાન શ્રી નગરવાલા સામે કમિશન સમક્ષ ગૃહ ખાતા તરફથી જાહેર કરવામાં આવેલી વિગતોમાંથી થતા વિશેષાધિકારના ભંગ અંગે જાહેર કર્યું કે સરકારના ગૃહ ખાતા તરફથી આ બાબતમાં દિલગીરી વ્યકત કરવામાં આવી હતી અને તેથી તે બાબતમાં આગળ કાંઈ કરવાપણું રહેતું નથી.

### શુક્રવાર, તા. ૧૧મી માર્ચ, ૧૯૬૬.

૧. તા. ૩જી માર્ચ, ૧૯૬૬ના રોજ દસમી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલો પ્રશ્ન ક્રમાંક ૧૨૧૮૨, (અગ્રતા ક્રમાંક-૧૧)નો જવાબ આપવામાં આવ્યો.

ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી, જેમાં નીચે જણાવેલા ક્રમાંકના પ્રશ્નો અને ઉત્તરોનો સમાવેશ થયો હતો.

૧૨૯૪૭, ૧૪૦૪૯, ૧૪૧૨૧, ૧૪૨૦૦, ૧૪૨૦૫, ૧૪૨૧૦, ૧૪૨૨૫, ૧૪૨૫૫, ૧૪૨૬૮, ૧૪૨૭૯, ૧૪૩૦૮, ૧૪૩૧૧, ૧૪૩૧૬, ૧૪૩૨૫, ૧૪૩૩૨, ૧૪૩૩૪, ૧૪૩૩૬, ૧૪૩૩૯, ૧૪૩૪૩, ૧૪૩૪૯, ૧૪૩૬૦, ૧૪૩૬૨, ૧૪૪૦૦, ૧૪૪૨૩, ૧૪૪૩૭.

૨. અધ્યક્ષશ્રીએ સરકારે આપેલી ખાતરીઓ પરની સમિતિની નિમણૂંક કરી.

૩. અધ્યક્ષશ્રીએ વિશેષાધિકાર સમિતિની નિમણૂંક કરી.

૪. અધ્યક્ષશ્રીએ સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિની નિમણૂંક કરી.

૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન બીજે દિવસે ચાલું રહ્યું. શિક્ષણ મંત્રીશ્રીની હિસાબના મુખ્ય સદર "૧૦-રાજ્ય આબકારી જકાત" "૧૯-સામાન્ય વહીવટ" "૨૮-શિક્ષણ" "૧૦૯-બીજાં કામો પર કેપિટલ ખર્ચ", "ક્યુ-રાજ્ય સરકાર તરફથી લોન અને પેશગીઓ" અન્વયેની માગણીઓ રજૂ કરવામાં આવી. માગણીઓ પર ચર્ચા શરૂ થઈ. ચર્ચા બાદ માંગણીઓ મંજૂર કરવામાં આવી.

### સોમવાર, તા. ૧૪મી માર્ચ, ૧૯૬૬.

૧. અધ્યક્ષશ્રીએ અરજી સમિતિની નિમણૂંક કરી.

૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન ત્રીજે દિવસે ચાલું રહ્યું. મહેસૂલ મંત્રીશ્રીની હિસાબના મુખ્ય સદર "૯-જમીન મહેસૂલ" "૧૯-સામાન્ય વહીવટ" "૩૩-એ, ડાંગ જિલ્લો" "૬૪-દુષ્કાળ રાહત" "૭૦-વન" "૧૧૯-વન અંગે કેપિટલ ખર્ચ અન્વયેની માગણીઓ રજૂ થઈ, માગણીઓ પર ચર્ચા શરૂ થઈ. ચર્ચા બાદ માગણીઓ અને મંજૂર કરવામાં આવી.

### મંગળવાર, તા. ૧૫મી માર્ચ, ૧૯૬૬.

૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન ચોથે દિવસે ચાલુ રહ્યું. શિક્ષણ મંત્રીશ્રીની હિસાબના મુખ્ય સદર "૨૭ વૈજ્ઞાનિક ખાતાં" "૩૧-ખેતી" "૩૪-સહકાર" "૩૫-ઉદ્યોગો" "૩૯-પરચૂરણ સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો" અન્વયેની માગણીઓ રજૂ થઈ. બધી માગણીઓ પર ચર્ચા શરૂ થઈ. ચર્ચા બાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

### બુધવાર, તા. ૧૬મી માર્ચ, ૧૯૬૬.

૧. નાયબ ઉદ્યોગ મંત્રીશ્રીએ ગુજરાત ઔદ્યોગિક વિકાસ મંડળનું સન ૧૯૬૬-૬૭નું અંદાજપત્ર વિધાનસભાના મેજ ઉપર મૂકયું.

૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન પાંચમે દિવસે ચાલુ રહ્યું. આરોગ્ય મંત્રીશ્રીની હિસાબના મુખ્ય સદર "૨૯-તબીબી" "૩૦-જાહેર આરોગ્ય" "૩૮-મજૂરી અને રોજગાર" "૭૧-પરચૂરણ" "૯૪-જાહેર આરોગ્યની સુધારણા પર કેપિટલ ખર્ચ" "૧૦૦-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો પર કેપિટલ ખર્ચ" અન્વયેની માગણીઓ રજૂ કરવામાં આવી. બધી માગણીઓ પર ચર્ચા શરૂ થઈ. ચર્ચા બાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

### ગુરૂવાર, તા. ૧૭મી માર્ચ, ૧૯૬૬.

૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન છઠ્ઠે દિવસે ચાલુ રહ્યું. પંચાયત મંત્રીશ્રીની હિસાબના મુખ્ય સદર "૧૯-સામાન્ય વહીવટ" "૩૭-સમૂહ વિકાસ યોજના કામો, રાષ્ટ્રિય વિસ્તરણ સેવા અને સ્થાનિક વિકાસ કાર્યો" "૨૬-પરચૂરણ ખાતાં" "૩૪-સહકાર" "૩૯-પરચૂરણ સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો" "૫૦- રાજ્ય બાંધકામો" "૭૧-પરચૂરણ" "૭૬-બીજા પરચૂરણ વળતર અને નામફેર" "૧૧-વાહનો પર કર" "૧૩-બીજાં કર અને જકાત" અને "ક્યુ-રાજ્ય સરકાર તરફથી લોન અને પેશગીઓ" અન્વયેની માગણીઓ રજૂ કરવામાં આવી. બધી માગણીઓ પર ચર્ચા શરૂ થઈ. ચર્ચા બાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

### શુક્રવાર, તા. ૧૮મી માર્ચ, ૧૯૬૬.

૧. જાહેર હિસાબ સમિતિના પ્રમુખ, શ્રી પોપટલાલ કકકડે, ગુજરાત સરકારના સન ૧૯૬૩-૬૪ના વિનિયોગ હિસાબો તેમજ નાણાકીય હિસાબ અને તે પરના ઓડિટ રિપોર્ટ ઉપરનો જાહેર હિસાબ સમિતિનો સાતમો અહેવાલ રજૂ કર્યો.

૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન સાતમે દિવસે ચાલુ રહ્યું. બાંધકામ મંત્રીશ્રીની હિસાબના મુખ્ય સદર "૧૯-સામાન્ય વહીવટ" "૪૨-બહુલક્ષી નદી યોજનાઓ" "૪૩-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો (વાણિજ્યિક)" "૪૪-સિંચાઈ નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો (બિન-વાણિજ્યિક)" "૫૦-રાજ્ય બાંધકામ" "૫૩-બંદરો અને બંદર વિષયક માર્ગદર્શન" "૧૯-સામાન્ય વહીવટ" "૨૫-પૂરવઠો અને નિકાલ" "૨૬-પરચૂરણ ખાતાં" "૯૮-બહુલક્ષી નદી યોજનાઓ પર કેપિટલ ખર્ચ" "૯૯-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો પર કેપિટલ ખર્ચ (વાણિજ્યિક)" "૧૦૦-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો પર કેપિટલ ખર્ચ ( બિન-વાણિજ્યિક )" "૧૦૧-વીજળી યોજનાઓ પર કેપિટલ ખર્ચ," "૧૦૩-રાજ્ય બાંધકામ પર કેપિટલ ખર્ચ" "૧૦૭-ગુજરાતના પાટનગર અંગે ખર્ચ" "૧૧૦-બંદરો પર કેપિટલ ખર્ચ" "૧૨૪-સરકારી વેપાર યોજનાઓ પર કેપિટલ ખર્ચ" અન્વયેની માગણીઓ રજૂ કરવામાં આવી. બધી માંગણીઓ પર ચર્ચા શરૂ થઈ. ચર્ચા બાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

### સોમવાર, તા. ૨૧મી માર્ચ, ૧૯૬૬.

૧. અધ્યક્ષશ્રીએ જાહેર હિસાબ સમિતિ પર ૧૧ સભ્યોની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી.

૨. ગૃહ નિર્માણ મંત્રીશ્રીએ ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડનું સન ૧૯૬૬-૬૭નું વાર્ષિક અંદાજપત્ર ગૃહ નિર્માણ માટેનો કાર્યક્રમ અને મહેકમ દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂકયાં.

૩. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે વિરોધ પક્ષ તરફથી અને જુદાં જુદાં જૂથો તરફથી તેમને વિનંતી કરવામાં આવી છે કે આજે ઉદ્યોગો અંગેની માંગણીઓ હાથ ધરવામાં આવે તેમજ મુખ્ય મંત્રીશ્રી પણ આ બાબતમાં સંમત થયા હોવાથી આજે ઉદ્યોગો અંગેની માગણીઓ હાથ ધરવામાં આવશે. ત્યારબાદ માંગણીઓ પર ચર્ચા અને મતદાન આઠમે દિવસે ચાલુ રહ્યું. ઉદ્યોગ મંત્રીશ્રીની હિસાબના મુખ્ય સદર "૧૯-સામાન્ય વહીવટ", "૩૫-ઉદ્યોગ", "૩૧-પરચૂરણ" તેમજ પંચાયત મંત્રીશ્રીની "૯૬-ઔદ્યોગિક અને આર્થિક વિકાસ પર કેપિટલ ખર્ચ" અન્વયેની માગણીઓ રજૂ થઈ. બધી માંગણીઓ પર ચર્ચા શરૂ થઈ. ચર્ચા બાદ માંગણીઓ મંજૂર કરવામાં આવી.

## મંગળવાર, તા. ૨૨મી માર્ચ, ૧૯૬૬.

૧. વિધાનસભાના સભ્ય, સદ્‌ગત શ્રી ઈશ્વરભાઈ છો. દેસાઇના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો થયા અને સ્વર્ગસ્થને સ્મરણાંજલિ આપવામાં આવી.

૨. અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિની ચૂંટણીના પરિણામની જાહેરાત કરી.

૩. માંગણીઓ પર ચર્ચા અને મતદાન નવમે દિવસે ચાલું રહ્યું. મહેસૂલ મંત્રીશ્રીની હિસાબના મુખ્ય સદર "૧૯-સામાન્ય વહીવટ" "૩૧-ખેતી" "૩૩-પશુપાલન" "૯૫-ખેતી સુધારણા અને સંશોધન પર કેપિટલ ખર્ચ" અને "૧૦૯-બીજા કામો પર કેપિટલ ખર્ચ" અન્વયેની માંગણીઓ રજૂ થઈ. બધી માંગણીઓ પર ચર્ચા શરૂ થઈ. ચર્ચા બાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

૪. અધ્યક્ષશ્રીએ તા. ૧૯-૩-૧૯૬૬ના દિવસની કાર્યવાહીમાંથી અમુક શબ્દો રદ કરવાની જાહેરાત કરી.

## બુધવાર, તા. ૨૩મી માર્ચ, ૧૯૬૬.

૧. ચૌદમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક-૧૩૦૦૦, ૧૪૧૩૭, ૧૪૧૩૯, ૧૪૧૪૨, ૧૪૧૫૧, ૧૦૮૪૮, ૧૪૪૨૬, ૧૦૨૯૬, ૧૦૨૬૯, ૧૪૧૭૮, ૧૪૧૮૮, ૧૪૨૮૭, ૧૪૨૯૭, ૧૪૩૦૧, ૧૪૩૦૩, ૧૪૪૧૩, તેમજ ૧૪૧૨૦ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૪૦૦૨, ૧૪૦૭૪, ૧૪૦૦૩, અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીના સમય દરમિયાન વિ. સ. સ., શ્રી રણજિતરાય શાસ્ત્રી તેમજ વિ. સ. સ., શ્રી ભીમજીભાઈ પટેલે સભાત્યાગ કર્યો.

૨. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો ત્રીસમો અહેવાલ સભાગૃહે માન્ય રાખ્યો.

૩. વિ. સ. સ., શ્રી કમળાશંકર પંડિતની ગેરહાજરીને કારણે તેમનો સંકલ્પ ચર્ચા માટે લઈ શકાયો નહિ.

૪. વિ સ. સ., શ્રી દેવજીભાઈ વસાવા વતી વિ. સ. સ., શ્રી છનાભાઈ કુમારે સંકલ્પ રજૂ કર્યો કે રાજ્યમાં વસતી વર્ગીકૃત જાતિઓમાં મા-બાપ જમાઇને પોતાની દીકરી સાથે જમાઈને ઘર-જમાઈ તરીકે રાખે છે. આ દીકરી જમાઈને કુટુંબમાં ઘણાં વર્ષો સાથે રહ્યા બાદ તેમજ તેમને બાળકો થયા બાદ કુટુંબમાંથી કંઈપણ મિલ્કત આપ્યા સિવાય કાઢી મૂકવામાં આવે છે. પરિણામે દીકરી જમાઈને જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં ઘણું સહન કરવું પડે છે. આ સંજોગોમાં વર્ગીકૃત જાતિ-ઓમાં મા-બાપની મિલ્કતમાં દીકરીને દીકરા જેટલો જ સમાન હક મળે તે સારૂ હિન્દુ-વારસા ધારો, ૧૯૫૬ વર્ગીકૃત જાતીઓને પણ લાગુ પાડવાની ભારત સરકારને વિનંતી કરવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચા બાદ સંકલ્પ ગૃહની પરવાનગીથી પાછો ખેંચી લેવામાં આવ્યો.

૫. વિ. સ. સ., શ્રી નટવરલાલ પટેલે સંકલ્પ રજૂ કર્યો કે ગુજરાતના ઘણા જિલ્લાઓમાં સિમચોરી અને ભેલાણનો ત્રાસ, દિન-પ્રતિદિન વધતો જાય છે તેથી ખેડુતોનો તૈયાર થયેલો કિંમતી પાક નષ્ટ થાય છે. અને તેમને અસહ્ય મુશ્કેલીમાં મુકાવું પડે છે. આ ભેલાણના ત્રાસમાંથી ખેડુતો મુક્ત રહી શકે તથા ભેલાણ કરનારા ઓળખી શકાય તે માટે ઢોરોને નંબર આપવા સહિત વિવિધ ઉપાયો વિચારવા તજ્જ્ઞો સહિતની વિધાનસભાના સદસ્યોની એક સમિતિ નિમવા આ વિધાનસભા-ગૃહ રાજ્ય સરકારને વિનંતી કરે છે.

સંકલ્પ પર ચર્ચા થઈ, ચર્ચાબાદ સંકલ્પ ગૃહની પરવાનગીથી પાછો ખેંચી લેવામાં આવ્યો.

૬. વિ. સ. સ., શ્રી ઉત્તમભાઈ પટેલની ગેરહાજરીને કારણે તેમનો સંકલ્પ ચર્ચા માટે લઈ શકાયો નહિ.

૭. વિ. સ. સ., શ્રી ભાણજીભાઈ પટેલે સંકલ્પ રજૂ કર્યો કે ગુજરાત રાજ્યમાં ઘણાં વિસ્તારોમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ખેતી માટે કૂવાની સિંચાઈ ઉપર આધાર રાખવો પડે છે. અને ઘણાંખરાં ગામડાઓમાં વીજળીકરણ થયું ન હોવાથી ખેડૂતોએ ડીઝલ એન્જિનો દ્વારા સિંચાઈ કરવી પડે છે. તાજેતરમાં ક્રુડ તેલની તંગીના કારણે ખેડૂતોને ખૂબ જ ઉંચા ભાવો આપવા છતાં જરૂરિયાત મુજબ ક્રુડ તેલ પૂરતા પ્રમાણમાં અને યોગ્ય ભાવે ખેડૂતોને મળી રહે તેવી વ્યવસ્થા કરવા અને સિંચાઈ માટે વપરાતા ુડ તેલ ઉપર ૩૩ ટકા સબસીડી આપવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ત્યારબાદ સંકલ્પ ગૃહની પરવાનગીથી પાછો ખેંચી લેવામાં આવ્યો.

૮. વિ. સ. સ., શ્રી ઉદેસિંહ વડોદિયાએ સંકલ્પ રજૂ કર્યો કે અનાજનો પ્રશ્ન દેશનો આજનો પ્રાણ પ્રશ્ન હોઈ નર્મદા યોજનાનું કામ વહેલી તકે યુધ્ધના ધોરણે શરૂ કરવું એ સમગ્ર રાષ્ટ્રના હિતમાં છે. આ સંજોગોમાં ખોસલા સમિતિનો અહેવાલ સ્વીકારી નર્મદા યોજનાના કામને ત્વરિત ગતિએ યુધ્ધના ધોરણે હાથ પર લઈ આગળ ધપાવવા આ વિધાનસભાગૃહ કેન્દ્ર સરકારને આગ્રહભરી વિનંતી કરે છે.

વિરોધ પક્ષના નેતાશ્રીએ સંકલ્પ પર સુધારો રજૂ કર્યો. સંકલ્પ અને સુધારા પર ચર્ચા શરૂ થઈ.

ચર્ચા બાદ સુધારો મત માટે મૂકવામાં આવ્યો. અને તે મંજૂર કરવામાં આવ્યો. ત્યારબાદ સુધારેલો સંકલ્પ નવારૂપમાં મત માટે મૂકવામાં આવ્યો. અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯. તા. ૧૮મી અને ૨૩મી માર્ચ, ૧૯૬૬ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો ગૃહે મંજૂર કરી.

## ગુરૂવાર, તા. ૨૪મી માર્ચ, ૧૯૬૬.

૧. માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન દસમા અને છેલ્લા દિવસે ચાલુ રહ્યું. સહકાર મંત્રીશ્રીની હિસાબના મુખ્ય સદર "૩૪-સહકાર" અન્વયેની માગણી રજૂ થઈ. માગણી પર ચર્ચા થઈ. ચર્ચા દરમિયાન વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી જાડેજાએ ઔચિત્ય ભંગનો પ્રશ્ન ઉઠાવ્યો કે તા. ૧૯મી માર્ચ, ૧૯૬૫ના રોજ સહકાર મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે તેઓશ્રી રિઝર્વ બેન્કનો અમુક અહેવાલ આપને બતાવશે એટલે કે સભાગૃહના ટેબલ પર મૂકશે, પણ તેઓએ હજુ સુધી તેમ કર્યું નથી, અને સભાગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે. મંત્રીશ્રીને સાંભળ્યા બાદ, અધ્યક્ષશ્રીએ તેમનો નિર્ણય મુલતવી રાખ્યો. ચર્ચા બાદ માગણી મંજૂર કરવામાં આવી.

૨. માગણી પર ચર્ચાનો જવાબ સહકાર મંત્રીશ્રી આપતા હતા તે દરમિયાન વિરોધ પક્ષના સભ્યોએ સભાગૃહનો ત્યાગ કર્યો.

૩. સાંજે ૪-૦૦ વાગ્યા હોવાથી સન ૧૯૬૬-૬૭ના વર્ષના અનુદાનો માટેની બાકીની બધી માગણીઓ એક પછી એક મત માટે મૂકવામાં આવી અને તે કોઈ જાતની ચર્ચા વગર મંજૂર કરવામાં આવી.

**શુક્રવાર, તા. ૨૫મી માર્ચ, ૧૯૬૬.**

૧. ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૧૪૯૨૪ તેમજ પંદરમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૨૫૩૫, ૧૨૮૯૬, ૧૨૯૯૯, ૧૪૧૫૪, ૧૪૪૬૬, ૧૪૪૭૦, ૧૪૧૯૬, ૧૪૨૨૨, ૧૪૩૬૯, ૧૪૩૯૯, ૧૨૯૯૮, ૧૪૨૪૯, ૧૪૨૪૮, ૧૪૩૦૦ ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૧૫૦૩૭ તેમજ ૧૨૪૬૫ના જવાબ આપવામાં આવ્યા.

ગેર હાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૨૫૨૮, ૧૨૬૩૦ તેમજ ૧૪૩૭૮ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૨૩૧૫ અને ૧૨૪૧૫ મુલતવી રાખવામાં આવ્યાં.

૨. જાહેર બાંધકામ મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ પશ્ચિમ રેલ્વેની ટાઈમ ટેબલ સમિતિ પર ચૂંટણીની તારીખથી બે વર્ષ કરતાં વધારે ન હોય તેટલી અથવા સદરહુ સમિતિની જે તારીખે ફરીથી રચના કરવામાં આવે ત્યાં સુધીની, બેમાંથી જે મુદત વહેલી પૂરી થતી હોય તે મુદત માટે કામ કરવા માટે એક મહિલા પ્રતિનિધિની ચૂંટણી કરવાનું કામ હાથ ધર્યું. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે માન્ય થયો.

૩. અધ્યક્ષશ્રીએ ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

નીચેનાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યાં. (૧) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૫૨ સન ૧૯૬૫નું મુંબઈ નગર રચના બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક.

(૨) સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક-૪ સન ૧૯૬૬નું ગુજરાત જમીન સંપાદન (ઔદ્યોગિક વિસ્તારો) રદ કરવા બાબતનું વિધેયક.

(૩) સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક-૮ સન ૧૯૬૬નું મુંબઈ વેદાં બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક.

(૪) સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક-૯ સન ૧૯૬૬નું મુંબઇ (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનું વિધેયક.

(૫) સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક-૬-સન ૧૯૬૬નું ગુજરાત નગરપાલિકા (સુધારા) અને (પેટલાદ નગરપાલિકાને કાયદેસર) ઠરાવતી જોગવાઈઓ બાબતનું વિધેયક.

**સોમવાર, તા. ૨૮મી માર્ચ, ૧૯૬૬.**

૧. તા. ૨૫-૩-૧૯૬૬નારોજ મુલતવીરાખવામાંઆવેલ પ્રશ્નો ક્રમાંક ૧૨૩૧૫, અને ૧૨૪૧૫ તેમજ સોળમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૧૯૪૨, ૧૪૪૬૮, ૧૨૫૨૧, ૧૪૧૫૬, ૧૪૧૭૭, ૧૨૮૭૦, ૧૩૦૮૫, ૧૪૧૦૧, ૧૪૨૨૮, ૧૪૩૮૯, ૧૪૨૦૨, ૧૪૩૯૦, ૧૪૨૧૪, ૧૪૩૯૨, ૧૪૨૭૮, ૧૪૪૪૭ તેમજ ૧૪૩૧૮ના જવાબ આપવામાં આવ્યા. તેમજ પ્રશ્ન ક્રમાંક ૧૪૧૮૧ મુલતવી રાખવામાં આવ્યો.

ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૧૫૦૩૬ તેમજ સોળમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૨૬૭૮ અને ૧૪૦૧૧ સૂચના આપનાર સભ્યશ્રીઓની ગેરહાજરીને કારણે અતારાંકિત ગણવામાં આવ્યાં.

૨. નીચે જણાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૦-સન ૧૯૬૬નું ગુજરાત વિનિયોગ વિધેયક.

**મંગળવાર, તા. ૨૯મી માર્ચ, ૧૯૬૬.**

૧. તા. ૨૮-૩-૬૬ના રોજ મુલતવી રાખવામાં આવેલો પ્રશ્ન ક્રમાંક ૧૪૧૮૧ તેમજ સત્તરમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૪૧૬૫, ૧૪૩૬૬, (બંન્ને સાથે), ૧૪૪૪૬, ૧૪૦૯૯, ૧૪૩૭૫, ૧૪૪૫૮, ૧૪૨૩૭, ૧૪૪૩૪, ૧૪૦૭૯, ૧૪૨૩૯, ૧૪૫૫૩, ૧૪૩૭૭, ૧૩૦૮૩, ૧૪૨૯૦, ૧૪૩૬૭, ૧૪૨૩૮, ૧૪૧૮૦ તેમજ ૧૪૧૮૫ના જવાબ આપવામાં આવ્યા. તેમજ પ્રશ્નો ક્રમાંક ૧૪૨૯૬ અને ૧૪૩૬૮ મુલતવી રાખવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૧૪૧૪, ૧૪૨૬૦, ૧૪૪૭૬, ૧૪૦૩૩ તેમજ ૧૪૪૭૯ અતારાંકિત ગણવામાં આવ્યા.

પાંચમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવતાં જેમાં નીચે જણાવેલા ક્રમાંકના પ્રશ્નો અને જવાબોનો સમાવેશ થયો હતો.

૧૦૬૦૭, ૧૦૯૫૮, ૧૧૭૦૨, ૧૨૯૯૭, ૧૪૦૦૭, ૧૪૧૬૯, ૧૪૧૯૦, ૧૪૧૯૩, ૧૪૨૧૮, ૧૪૩૦૭, ૧૪૩૦૯, ૧૪૩૧૫, ૧૪૩૨૦, ૧૪૩૨૩, ૧૪૩૬૧, ૧૪૩૬૩, ૧૪૩૮૫, ૧૪૩૮૬, ૧૪૪૦૧, ૧૪૪૦૪, ૧૪૪૧૨, ૧૪૪૭૧, ૧૪૪૯૩, ૧૪૫૦૧.

૨. અધ્યક્ષશ્રીએ સભ્યોના પગાર તથા ભથ્થાં બાબતના નિયમો માટેની સમિતિની નિમણુક કરી.

૩. અધ્યક્ષશ્રીએ ગૃહની બેઠકોમાં સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિની નિમણુક કરી.

૪. વિ. સ. સ., શ્રી છબીલદાસ મહેતાએ તાજેતરમાં અમદાવાદ શહેરમાં અને ખાસ કરીને સદસ્ય નિવાસની આસપાસના વિસ્તારમાં ફેલાયેલો કોલેરાનો રોગચાળો અને રાજ્યના આરોગ્ય ખાતાએ તેને અટકાવવા અને તેનો ફેલાવો રોકવામાં નિષ્ક્રિયતામાંથી ઉપસ્થિત થતી પરિસ્થિતિ અંગે ટૂંક સમયની ચર્ચા શરૂ કરી.

ચર્ચાનો જવાબ આરોગ્ય મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૫. જાહેર હિસાબ સમિતિના પ્રમુખ શ્રી પોપટલાલ કક્કડે પ્રસ્તાવ રજૂ કર્યો કે જાહેર હિસાબ સમિતિનો સાતમો અહેવાલ વિચારણામાં લેવામાં આવે. અહેવાલ પર ચર્ચા શરૂ થઈ. ચર્ચાનો જવાબ નાણામંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૬. તા. ૨૯-૩-૬૬ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો ગૃહે મંજૂરી કરી.

**બુધવાર, તા. ૩૦મી માર્ચ, ૧૯૬૬.**

૧. ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક ૧૪૯૬૭, ૧૫૧૦૧, ૧૫૧૦૨ અને તા. ૨૯-૩-૬૬ના રોજ મુલતવી રાખવામાં આવેલો પ્રશ્ન માંક ૧૪૩૬૮ના જવાબ આપવામાં આવ્યા.

લાઉડ સ્પીકર વ્યવસ્થા બગડી જવાથી બેઠક ૧૨-૨૦ થી ૧-૧૫ વાગ્યા સુધી મુલતવી રહી.

ત્યારબાદ અઢારમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૪૩૦૨, ૧૪૩૭૬, ૧૪૫૭૭, ૧૪૨૫૦, ૧૪૨૫૮, ૧૪૩૭૦, ૧૪૫૧૧, ૧૨૩૦૬, ૧૪૧૨૨, ૧૪૨૦૮, ૧૧૭૧૮, ૧૨૪૨૨, ૧૪૩૪૭ તેમજ ૧૪૧૩૮ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૪૫૪૯, ૧૩૦૪૪, ૧૪૪૪૩, ૧૨૦૨૩, ૧૪૦૩૬ તેમજ ૧૨૬૭૯ અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયને અભાવે પ્રશ્ન ક્રમાંક ૧૪૩૫૧, ૧૪૨૦૭, ૧૪૩૬૪, ૧૪૪૩૯ તેમજ ૧૪૨૧૬ અતારાંકિત ગણવામાં આવ્યા.

છઠ્ઠી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી જેમાં નીચે જણાવેલા ક્રમાંકના પ્રશ્નો અને જવાબોનો સમાવેશ થયો હતો.

૧૪૦૯૦, ૧૪૧૫૮, ૧૪૧૬૮, ૧૪૧૭૧, ૧૪૧૭૪, ૧૪૧૭૫, ૧૪૨૦૩, ૧૪૨૦૪, ૧૪૨૬૭, ૧૪૨૮૦, ૧૪૩૧૩, ૧૪૩૧૭, ૧૪૩૨૬, ૧૪૩૨૯, ૧૪૩૩૫, ૧૪૩૭૯, ૧૪૪૬૨, ૧૪૪૮૦, ૧૪૪૮૨, ૧૪૪૮૮, ૧૪૪૯૧, ૧૪૫૦૨, ૧૪૫૫૧, ૧૪૬૨૧, ૧૪૬૨૩.

૨. અધ્યક્ષશ્રીએ જાહેર હિસાબ સમિતિની ચૂંટણીના પરિણામની જાહેરાત કરી.

૩. મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનનો સન ૧૯૬૩-૬૪નો વાર્ષિક અહેવાલ અને કમિશનની સલાહ જે કિસ્સાઓમાં સ્વીકારવામાં આવી નથી તે કિસ્સાઓમાં તે ન સ્વીકારવા માટેના કારણો દર્શાવતી યાદી સભાગૃહના મેજ ઉપર મૂકયા.

૪. નીચેનું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૧) સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક-૭-સન ૧૯૬૬નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક.

**ગુરૂવાર, તા. ૩૧મી માર્ચ, ૧૯૬૬.**

૧. તા. ૨૯-૩-૬૬ના રોજ સત્તરમી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલ પ્રશ્ન ક્રમાંક ૧૪૨૯૬, [અગ્રતા ક્રમાંક-૧૫] તેમજ ઓગણસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૪૪૭૫, ૧૪૫૨૫, ૧૪૧૮૩, ૧૪૪૭૪, ૧૪૩૭૪, ૧૪૫૬૦, ૧૪૫૭૮, ૧૪૨૪૦, ૧૪૫૭૬, ૧૪૫૮૮, ૧૪૫૪૩, ૧૧૯૨૭, ૧૪૪૪૫, ૧૪૫૮૯, તેમજ ૧૪૫૪૧ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૩૦૪૩, ૧૪૩૩૭, ૧૪૫૫૦, ૧૪૦૧૦, ૧૪૪૩૦, ૧૨૩૫૪, ૧૪૩૪૫, ૧૨૩૪૫, તેમજ સમયના અભાવે પ્રશ્ન ક્રમાંક ૧૪૩૯૭ અતારાંકિત ગણવામાં આવ્યો.

૨. અધ્યક્ષશ્રીએ પશ્ચિમ રેલ્વેની ટાઈમ ટેબલ કમિટી પર ગુજરાત વિધાનસભાના એક મહિલા સદસ્યની ચૂંટણીના પરિણામની જાહેરાત કરી.

૩. નાયબ કૃષિ મંત્રીશ્રીએ ભાવનગર પબ્લિક ડેરી લિમિટેડનો સન ૧૯૬૪-૬૫નો અહેવાલ અને હિસાબ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૪. વાહન વ્યવહાર મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોરપોરેશનનો સન ૧૯૬૪-૬૫નો વહીવટી અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૫. વાહન વ્યવહાર મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય માર્ગ વાહન કોરપોરેશનના સન ૧૯૬૫-૬૬ના સુધારેલા અંદાજ અને સન ૧૯૬૬-૬૭ના અંદાજ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૬. નીચેનું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૧-સન ૧૯૬૫નું સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ બાબતનું (સુધારા) વિધેયક.

૭. વિ. સ. સ., શ્રી સુરજમલ શાહે, નિયમ-૧૦૪ અન્વયે છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ માટે ઘણી તકો ઊભી થયેલી છે. આ તકોનો લાભ લેવા માટે સરકારે નીચેનાં પગલાં ભરવાં જરૂરી છે.

(૧) પેટ્રો કેમિકલ કોમ્પ્લેક્સ જે પરદેશી પેઢી સાથે ભાગીદારીમાં રાજ્યમાં નાખવામાં આવનાર છે તે અંગેના કરારો ઢીલમાં પડયા હોઈ, સરકારે કેન્દ્ર સરકાર સાથે મંત્રણાઓ ચલાવીને આ યોજનાનો અમલ વહેલી તકે કરવો જોઈએ.

(૨) રાજ્યમાં સ્થપાનાર નવા ઉદ્યોગોને પ્રોસ્પેક્ટીંગ લાઈસન્સ તથા ઉદ્યોગો માટેની જરૂરિયાતો જેવી કે જમીન પાણી, વીજળી, વગેરે સરળતાથી ચોક્કસ સમયમાં મળી રહે તે સારું હાલની વહીવટી પદ્ધતિમાં યોગ્ય ફેરફારો કરવા જોઈએ.

ચર્ચા શરૂ થઈ. ચર્ચાનો જવાબ વિ. સ. સ., શ્રી સુરજમલ શાહે આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૮. સચિવશ્રીએ જે એક વિધેયકને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તેનું નામ વાંચી સંભળાવ્યું

૯. નિયમ-૯૧-અન્વયે પ્રશ્નો અને તેના જવાબો જે સમયના અભાવે ગૃહ સમક્ષ મૂકી શકાયા ન હતા તેને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

૧૦. (૧) તા. ૨૪મી માર્ચ, ૧૯૬૬ના રોજ વિ. સ. સ., શ્રી રણજિતરાય શાસ્ત્રીએ ઉઠાવેલા પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપતાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભ્યશ્રીઓ અંદરો અંદર બોલ્યા હોય તેને કાર્યવાહીનો ભાગ ગણી શકાય નહિ. પરંતુ આમ સભ્યો અંદરો અંદર એક્રોસ ધી ટેબલ બોલે તે પણ યોગ્ય નથી.

(૨) તા. ૨૪મી માર્ચ, ૧૯૬૬ના રોજ વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી જાડેજાએ ઉઠાવેલા ઔચિત્ય ભંગના પ્રશ્ન ઉપરનો નિર્ણય આપતાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સહકાર મંત્રીશ્રી, રિપોર્ટ આપને બતાવીશ તેમ સભ્યશ્રીને ઉદ્દેશીને બોલ્યા હોવાથી તેમાં ગૃહના ઔચિત્યનો ભંગ થયો હોય એમ લાગતું નથી.

૧૧. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યા પ્રમાણે હવે પછીનું સત્ર સપ્ટેમ્બરની વચમાં બોલાવવા રાજ્યપાલશ્રીને ભલામણ કરવાનું સરકાર વિચારી રહી છે. ચોક્કસ તારીખ નક્કી થયે જણાવવામાં આવશે.

૧૨. અધ્યક્ષશ્રીએ સત્ર સમાપ્તિને લગતો રાજ્યપાલશ્રીનો સંદેશો વાંચી સંભળાવ્યો.

---

## પત્રક ક્રમાંક - ૨

## જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી

| અનુક્રમ નં. | સમિતિનું નામ | સભ્યોનાં નામ | ચૂંટણીની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | જાહેર હિસાબ સમિતિ | (૧) શ્રી પોપટલાલ ડા. કકકડ, પ્રમુખ, | ૩૦મી માર્ચ, |
| | | (૨) શ્રી ગોકળદાસ ડો. પરમાર, | ૧૯૬૬ |
| | | (૩) શ્રી ગુમાનસિહજી વી. વાઘેલા, | |
| | | (૪) શ્રી છોટાલાલ જી. પટેલ, | |
| | | (૫) શ્રી જેસીંગભાઈ ગો. પરમાર, | |
| | | (૬) શ્રી પુરૂષોત્તમદાસ ર. પરીખ, | |
| | | (૭) શ્રી બિપિનચંદ્ર મ. ભટ્ટ, | |
| | | (૮) શ્રી મનમોહનદાસ ભ. દેસાઈ, | |
| | | (૯) યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા, | |
| | | (૧૦) શ્રી રમણિકલાલ ત્રિ. મણિયાર, | |
| | | (૧૧) શ્રી સુલેમાન યુ. ઉનિયા. | |
| ૨. | અંદાજ સમિતિ | (૧) શ્રી ચંદ્રશંકર મ. ભટ્ટ, પ્રમુખ, | ૨૨મી માર્ચ, |
| | | (૨) શ્રી ગંગારામ ચુ. રાવળ, | ૧૯૬૬ |
| | | (૩) શ્રી ગણપતરામ જે. ત્રિવેદી, | |
| | | (૪) શ્રી છબીલદાસ પ્રા. મહેતા, | |
| | | (૫) યુવરાજ શ્રી દિગ્વિજયસિહજી પ્રતાપસિહજી, | |
| | | (૬) શ્રી મગનભાઈ વાં. પટેલ, | |
| | | (૭) શ્રી મનુભાઈ મો. પટેલ, | |
| | | (૮) શ્રી રામજીભાઈ રૂ. ચૌધરી, | |
| | | (૯) શ્રી વિજયસિહજી ભ. ચૌહાણ, | |
| | | (૧૦) શ્રીમતી વસંતબેન જ. શાહ, | |
| | | (૧૧) શ્રી શામળભાઈ લ. પટેલ, | |

## પત્રક ક્રમાંક - ૩

### જુદી જુદી સમિતિઓ ઉપર અધ્યક્ષશ્રીએ નીમેલા સભ્યો

| અનુક્રમ | સમિતિનું નામ | સભ્યોના નામ | નિમણૂકની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | નિયમો માટેની સમિતિ | (૧) શ્રી ફત્તેહઅલી હુસેનુદ્દીન પાલેજવાળા અધ્યક્ષશ્રી, પ્રમુખ, | ૯મી માર્ચ, ૧૯૬૬ |
| | | (૨) શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઈ, મુખ્ય મંત્રીશ્રી, | |
| | | (૩) શ્રી પ્રેમજીભાઈ થોભણ લેઉઆ, ઉપાધ્યક્ષશ્રી, | |
| | | (૪) શ્રી માધવસિંહ ફૂલસિંહ સોલંકી, નાયબ કાયદા મંત્રીશ્રી, | |
| | | (૫) શ્રી કરીમજી રહેમાનજી છીપા, મુખ્યમંત્રીશ્રીના સંસદીય સચિવશ્રી, | |
| | | (૬) શ્રી ભાઈલાલભાઈ ગરબડદાસ કોન્ટ્રાક્ટર, | |
| | | (૭) શ્રી ગંગારામ ચુનીલાલ રાવળ, | |
| | | (૮) શ્રી છબીલદાસ પ્રાગજીભાઈ મહેતા, | |
| | | (૯) શ્રીમતી ભાનુબેન મનુભાઈ પટેલ, | |
| | | (૧૦) શ્રી રામજીભાઈ રૂપાભાઈ ચૌધરી, | |
| | | (૧૧) શ્રી રમણલાલ નાગજીભાઈ પટેલ, | |
| | | (૧૨) શ્રી રણજીતરાય ગંગાશંકર શાસ્ત્રી, | |
| | | (૧૩) શ્રી પુરષોત્તમદાસ રણછોડદાસ પરીખ, | |
| | | (૧૪) શ્રી બાબુભાઈ પ્રાણજીવન વૈદ્ય, | |
| | | (૧૫) શ્રી બ્રહ્મકુમાર રણછોડલાલ ભટ્ટ. | |
| ૨. | અરજી સમિતિ. | (૧) શ્રી પ્રેમજીભાઈ થોભણભાઈ લેઉઆ, પ્રમુખ, | ૧૪મી માર્ચ, ૧૯૬૬ |
| | | (૨) શ્રી બાબુભાઈ શિવરામ પટેલ, | |
| | | (૩) શ્રી દેવકરણ જીવણલાલ પોરાણિયા, | |
| | | (૪) શ્રીમતી જૈતુનબેન અહમદઅલી કપાસી, | |
| | | (૫) શ્રી બિપિનચંદ્ર મહાશંકર ભટ્ટ, | |
| | | (૬) શ્રી નાગજીભાઈ ગોવિંદભાઈ આર્ય, | |
| | | (૭) શ્રી મુલજીરામ પરસોત્તમ ઠક્કર, | |
| | | (૮) શ્રી ફઝલેઅબ્બાસ તૈયબઅલી જમીનદાર. | |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩. | વિશેષાધિકાર સમિતિ. | (૧) શ્રી દિવ્યકાન્ત કુંદનલાલ નાણાવટી, પ્રમુખ, | ૧૧મી માર્ચ, ૧૯૬૬ |
| | | (૨) શ્રી ચંદ્રશંકર મણીશંકર ભટ્ટ, | |
| | | (૩) શ્રી રમણિકલાલ ત્રિકમલાલ મણિયાર, | |
| | | (૪) શ્રીમતી મંજુલાબેન જ્યંતિલાલ દવે, | |
| | | (૫) શ્રી ગુમાનસિંહજી વિરમસિંહજી વાઘેલા, | |
| | | (૬) શ્રી જશભાઈ ચુનીભાઈ પટેલ, | |
| | | (૭) યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા. | |
| ૪. | ખાતરી સમિતિ. | (૧) શ્રી ઈશ્વરભાઈ ગુલાબભાઈ દેસાઈ, પ્રમુખ, | ૧૧મી માર્ચ, ૧૯૬૬ |
| | | (૨) શ્રી શાન્તુભાઈ ચુનીભાઈ પટેલ, | |
| | | (૩) શ્રી કમળશંકર મૂળજીરામ પંડિત, | |
| | | (૪) શ્રી વીરસિંહ જ્યોતિભાઈ ભાભોર, | |
| | | (૫) શ્રી સુરજમલ માવજીભાઈ શાહ, | |
| | | (૬) શ્રી પ્રતાપરાય તારાચંદ શાહ, | |
| | | *(૭) શ્રીમતી વસંતબેન જયસુખલાલ શાહ, | |
| | | (૮) શ્રી રમણભાઈ નાગજીભાઈ પટેલ, | |
| | | (૯) શ્રી ઉદેસિંહ વીરસિંહ વડોદિયા, | |
| | | (૧૦) શ્રી ભીમજીભાઈ જગન્નાથભાઈ પટેલ. | |
| ૫. | સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ. | (૧) શ્રી માનસિંહજી ભાસાહેબ રાણા, પ્રમુખ, | ૧૧મી માર્ચ, ૧૯૬૬ |
| | | (૨) શ્રી ગોવિંદભાઈ કેશવજી પટેલ, | |
| | | (૩) શ્રી મણિલાલ મંગળજી કાશીવાળા, | |
| | | (૪) શ્રી ગોસાંઈભાઈ છીબાભાઈ પટેલ, | |
| | | (૫) શ્રીમતી વસંતબેન જયસુખલાલ શાહ. | |
| | | (૬) શ્રી કિરીટસિંહજી અમરસિંહજી ઠાકોર, | |
| | | (૭) શ્રી શંકરભાઈ દેવજીભાઈ પટેલ, | |

* તા. ૨૮–૩–૬૬ના રોજ રાજીનામું આપ્યું.

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | | (૮) શ્રીમતી શાન્તાબેન ભોળાભાઈ પટેલ, | |
| | | (૯) શ્રી શનાભાઈ ધુળાભાઈ પરમાર, | |
| | | (૧૦) શ્રી બદીયાભાઈ મૂળજીભાઈ ગોંદિયા | |
| | | (૧૧) કુમાર શ્રી શિવભદ્રસિંહજી કૃષ્ણકુમારસિંહજી ગોહિલ. | |
| ૬. | ગૌણ વિધાન સમિતિ | (૧) શ્રી પ્રેમજીભાઈ થોભણભાઈ લેઉઆ, ઉપાધ્યક્ષશ્રી, પ્રમુખ, | ૯મી માર્ચ, ૧૯૬૬ |
| | | (૨) શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઈ, કાયદા મંત્રીશ્રી, (પદ નિમિત્ત સભ્ય) | |
| | | (૩) શ્રી જટાશંકર દલસુખરામ પંડયા, | |
| | | (૪) શ્રી છોટાભાઈ જીવાભાઈ પટેલ, | |
| | | (૫) શ્રી ગંગારામ ચુનીલાલ રાવળ, | |
| | | (૬) શ્રી પોપટલાલ ડાહ્યાભાઈ કક્કડ, | |
| | | (૭) શ્રીમતી મદીનાબેન અકબરભાઈ નાગોરી, | |
| | | (૮) શ્રી મનમોહનદાસ ભગવાનદાસ દેસાઈ, | |
| | | (૯) શ્રી હરિરામ નથુભાઈ કોઠારી, | |
| | | (૧૦) યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા. | |
| ૭. | કામકાજ સલાહકાર સમિતિ | (૧) શ્રી ફતેહઅલી હુસેનુદ્દીન પાલેજવાળા, અધ્યક્ષશ્રી, પ્રમુખ, | ૯મી માર્ચ, ૧૯૬૬ |
| | | (૨) શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઈ, સભાગૃહના નેતાશ્રી, | |
| | | (૩) શ્રી પ્રેમજીભાઈ થોભણભાઈ લેઉઆ, ઉપાધ્યક્ષશ્રી, | |
| | | (૪) શ્રી કરીમજી રહેમાનજી છીપા, | |
| | | (૫) શ્રી ઈશ્વરભાઈ ગુલાબભાઈ દેસાઈ, | |
| | | (૬) શ્રી ભાઈલાલભાઈ ગરબડદાસ કોન્ટ્રાકટર, | |
| | | (૭) શ્રી ગોકળદાસ ડોસાભાઈ પરમાર, | |
| | | (૮) શ્રી ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ, | |
| | | (૯) શ્રી રમણલાલ નાગજીભાઈ પટેલ, | |
| | | (૧૦) શ્રી બાબુભાઈ પ્રાણજીવન વૈદ્ય, | |
| | | (૧૧) શ્રી બ્રહ્મકુમાર રણછોડલાલ ભટ્ટ. | |

| ૧ | ૨ | ૩ | ૪ |
| --- | --- | --- | --- |
| ૮. | બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિ | (૧) શ્રી પ્રેમજીભાઈ થોભણભાઈ લેઉઆ, ઉપાધ્યક્ષશ્રી, પ્રમુખ,<br>(૨) શ્રી ઈશ્વરભાઈ ગુલાબભાઈ દેસાઈ,<br>(૩) શ્રીમતી ડાહીબેન ભુલાભાઈ રાઠોડ,<br>(૪) શ્રી ચીમનભાઈ હરિભાઈ અમીન,<br>(૫) શ્રી ભાણજી ભીમજી પટેલ,<br>(૬) શ્રી શામળભાઈ લલ્લુભાઈ પટેલ,<br>(૭) શ્રી હમીરસિંહજી જયસિંહજી સોલંકી,<br>(૮) શ્રી કનૈયાલાલ યશવંતરાય જોષી, | ૯મી માર્ચ, ૧૯૬૬ |
| ૯. | ગૃહની બેઠકમાંથી સભ્યોની ગેરહાજરી માટેની સમિતિ | (૧) શ્રી પ્રેમજીભાઈ થોભણભાઈ લેઉઆ, ઉપાધ્યક્ષશ્રી, પ્રમુખ,<br>(૨) શ્રી ગોકળદાસ ડોસાભાઈ પરમાર,<br>(૩) શ્રી ગોસાંઈભાઈ છીબાભાઈ પટેલ,<br>(૪) શ્રી જેસીંગભાઈ ગોવિંદભાઈ પરમાર,<br>(૫) શ્રી નટવરલાલ અમૃતલાલ પટેલ,<br>(૬) શ્રીમતી અરુણાબેન શંકરપ્રસાદ દેસાઈ,<br>(૭) શ્રી લાલસિંહ કિશોરસિંહ રહેવર,<br>(૮) શ્રી માધવસિંહજી મોકાજી જાડેજા. | ૨૯મી માર્ચ, ૧૯૬૬ |
| ૧૦. | ગુજરાત વિધાનસભાના સભ્યોનાં ભથ્થાં બાબતના નિયમો માટેની સમિતિ. | (૧) શ્રી પ્રેમજીભાઈ થોભણભાઈ લેઉઆ, ઉપાધ્યક્ષશ્રી, પ્રમુખ,<br>(૨) શ્રી શાન્તિલાલ ત્રિકમલાલ પટેલ,<br>(૩) શ્રી દોલજીભાઈ ગણેશભાઈ પટેલ,<br>(૪) શ્રી ભાણજીભાઈ ભીમજીભાઈ પટેલ,<br>(૫) શ્રીમતી સુવાસબહેન અરવિંદભાઈ મજમુદાર,<br>(૬) શ્રી વલ્લભભાઈ ભીમજીભાઈ પટેલ,<br>(૭) શ્રી મનહરલાલ અમરાભાઈ ચાવડા,<br>(૮) શ્રી મગનભાઈ વાંસજીભાઈ પટેલ,<br>(૯) શ્રી જાદવજી રાઘવજી મોરબીઆ,<br>(૧૦) શ્રી નરભેશંકર નાનજીભાઈ પાણેરી. | ૨૯મી માર્ચ, ૧૯૬૬ |

## પત્રક ક્રમાંક - ૪

### અધ્યક્ષશ્રીએ નીમેલી પ્રમુખોની પેનલ

| અનુક્રમાંક | સભ્યોનાં નામ | નિમણૂકની તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | શ્રી રમણીકલાલ ત્રિ. મણીયાર, | ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૬૬. |
| ૨. | શ્રી સુરજમલ મા. શાહ, | |
| ૩. | શ્રીમતી હીરાબેન લા. નીનામા, | |
| ૪. | શ્રી મનમોહનદાસ ભ. દેસાઈ, | |

પત્રક

સરકારી

| અનુ-ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી વિભાગનું નામ | પ્રભારી સભ્યનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સન ૧૯૬૪નું વિ. સ. વિધેયક ક્રમાંક ૧૫-સન ૧૯૬૪નું ગુજરાત નગર અને ગ્રામ્ય પ્રદેશના આયોજન બાબતનું વિધેયક. | ખેતીવાડી અને સહકાર વિભાગ. | શ્રી વજુભાઈ શાહ, મંત્રીશ્રી, સહકાર. |
| ૨ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૨૯-સન ૧૯૬૫નું ગુજરાત રાજમાર્ગો બાબતનું વિધેયક. | જાહેર બાંધકામ વિભાગ. | શ્રી વિજયકુમાર ત્રિવેદી, મંત્રીશ્રી, જાહેર બાંધકામ. |
| ૩ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૧-સન ૧૯૬૫નું સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ (સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ. | શ્રીમતી ઈન્દુમતી ચીમનલાલ, મંત્રીશ્રી, શિક્ષણ. |
| ૪ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૫૨-સન ૧૯૬૫નું મુંબઈ નગર રચના બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ. | શ્રી વજુભાઈ શાહ, મંત્રીશ્રી, સહકાર. |
| ૫ | સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪-સન ૧૯૬૬નું ગુજરાત જમીન સંપાદન (ઔદ્યોગિક વિસ્તારો) (રદ કરવા) બાબતનું વિધેયક. | મહેસૂલ વિભાગ. | શ્રી ઉત્સવભાઈ પરીખ, મંત્રીશ્રી, મહેસૂલ. |
| ૬ | સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક ૫-સન ૧૯૬૬નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક. | નાણાં વિભાગ. | શ્રી માલદેવજી ઓડેદરા, મંત્રીશ્રી, નાણાં |
| ૭ | સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક ૬-સન ૧૯૬૬નું ગુજરાત નગરપાલિકા (સુધારા) અને (પેટલાદ નગરપાલિકાને કાયદેસર ઠરાવતી જોગવાઈઓ) બાબતનું વિધેયક. | ખેતીવાડી અને સહકાર વિભાગ. | શ્રી વજુભાઈ શાહ, મંત્રીશ્રી, સહકાર. |
| ૮ | સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક ૭-સન ૧૯૬૬નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક. | ” | ” |

માંક-૫

**વિધેયકો**

| દાખલ કર્યા તારીખ | પહેલા વાંચનની તારીખ | બીજા વાંચનની તારીખ | ત્રીજા વાંચનની તારીખ | સુધારા: જેની સૂચના મળી. | સુધારા: જે રજૂ કરવામાં આવ્યા. | સુધારા: જે પસાર કરવામાં આવ્યા. | શેરો |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ~~૩૧-૩-૬૬~~ | ~~૩૧-૩-૬૬~~ | ~~૩૧-૩-૬૬~~ | ~~૩૧-૩-૬૬~~ | ૦ | ૦ | ૦ | [illegible] |
| ૩૧-૩-૬૬ | ૩૧-૩-૬૬ | ૩૧-૩-૬૬ | ૩૧-૩-૬૬ | ૩ | ૩ | ૩ | -- |
| ૨૫-૩-૬૬ | ૨૫-૩-૬૬ | ૨૫-૩-૬૬ | ૨૫-૩-૬૬ | -- | -- | -- | -- |
| ૨૫-૩-૬૬ | ૨૫-૩-૬૬ | ૨૫-૩-૬૬ | ૨૫-૩-૬૬ | -- | -- | -- | -- |
| ૨-૩-૬૬ | ૨-૩-૬૬ | ૨-૩-૬૬ | ૨-૩-૬૬ | -- | -- | -- | -- |
| ૨૫-૩-૬૬ | ૨૫-૩-૬૬ | ૨૫-૩-૬૬ | ૨૫-૩-૬૬ | -- | -- | -- | -- |
| ૩૦-૩-૬૬ | ૩૦-૩-૬૬ | ૩૦-૩-૬૬ | ૩૦-૩-૬૬ | ૨૪ | ૨૪ | ૧ | -- |

| ૧ | ૨ | ૩ | ૪ |
| --- | --- | --- | --- |
| ૯ | સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક ૮-સન ૧૯૬૬નું મુંબઈનાં વૈદા બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ. | શ્રી મોહનલાલ વ્યાસ, મંત્રીશ્રી, આરોગ્ય. |
| ૧૦ | સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક ૯-સન ૧૯૬૬નું મુંબઈના (કચ્છ ક્ષેત્રમાંના) ઈનામો નાબૂદ કરવા બાબતનું (સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ. | શ્રી ઉત્સવભાઈ પરીખ, મંત્રીશ્રી, મહેસૂલ. |
| ૧૧ | સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક ૧૦-સન ૧૯૬૬નું ગુજરાત વિનિયોગ વિધેયક. | નાણાં વિભાગ. | શ્રી માલદેવજી ઓડેદરા, મંત્રીશ્રી, નાણાં. |

| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૫-૩-૬૬ | ૨૫-૩-૬૬ | ૨૫-૩-૬૬ | ૨૫-૩-૬૬ | -- | -- | -- | -- |
| ૨૫-૩-૬૬ | ૨૫-૩-૬૬ | ૨૫-૩-૬૬ | ૨૫-૩-૬૬ | -- | -- | -- | -- |
| ૨૮-૩-૬૬ | ૨૮-૩-૬૬ | ૨૮-૩-૬૬ | ૨૮-૩-૬૬ | -- | -- | -- | -- |

# પત્રક ક્રમાંક-૬

## રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો

| અનુ-ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી વિભાગનું નામ | પ્રભારી સભ્યશ્રીનું નામ | રજૂ કર્યા તારીખ | વિધેયકનો ક્રમાંક અને પ્રકાશનની તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | સન ૧૯૬૬નું ગુજરાત વિધાન સભાના સભ્યોનાં પગાર તથા ભથ્થાં બાબતનું (સુધારા) વિધેયક. | કાયદા વિભાગ. | શ્રી મગનભાઈ વી. પટેલ, વિ. સ. સ. | ૨૫-૨-૬૬ | સન ૧૯૬૬નું વિધેયક. ક્રમાંક-૧૧ તા. ૨૫-૪-૬૬. | |
| ૨ | સન ૧૯૬૬નું મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટો બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક. | કાયદા વિભાગ. | શ્રી છબીલદાસ પ્રા. મહેતા, વિ સ. સ. | ૨૫-૨-૬૬ | સન ૧૯૬૬નું વિધેયક ક્રમાંક-૧૨ તા. ૨૫-૪-૬૬. | |

પત્રક ક્રમાંક—૭

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો**

| અનુ-ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી વિભાગનું નામ | પ્રભારી સભ્યશ્રીનું નામ | વિધેયકો અંગે પ્રસ્તાવ | | શેરો |
|---|---|---|---|---|---|---|
| | | | | પ્રસ્તાવ | તારીખ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક ૧-સન ૧૯૬૬નું ગુજરાત નગર-પાલિકા (સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ. | શ્રી મનમોહનદાસ ભ. દેસાઈ, વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાંચન કરવું. પ્રસ્તાવનો અસ્વિકાર કરવામાં આવ્યો. | ૨૫-૨-૬૬ | — |
| ૨ | સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક ૨-સન ૧૯૬૬નું મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ. | શ્રી પ્રતાપરાય તા. શાહ, વિ. સ. સ. | — | — | પ્રભારી સભ્ય હાજર ન હોવાથી પહેલા વાંચનનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો ન હતો. |
| ૩ | સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩-સન ૧૯૬૬નું મુંબઈ કોર્ટ ફી (ગુજરાત સુધારા) વિધેયક. | કાયદા વિભાગ. | શ્રી મનમોહનદાસ ભ. દેસાઈ, વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાંચન કરવું. પ્રસ્તાવનો અસ્વિ-કાર કરવામાં આવ્યો. | ૨૫-૨-૬૬ | — |

### પત્રક ક્રમાંક – ૮

## સન ૧૯૬૬-૬૭ના વર્ષ માટેની માગણીઓ

| રજૂ થયેલી માગણીઓની સંખ્યા | જે માગણીઓ પર ચર્ચા કરવામાં આવી તેનો માગણી ક્રમાંક અને હિસાબના સદરો | ચર્ચા વગર પસાર (ગીલોટીન) થયેલી માગણીઓની સંખ્યા | શેરો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૮૧ | કુલ ૫૩ માગણીઓ | | |
| ૨ | ૧૯-સામાન્ય વહીવટ (સા. વ. વિભાગ) | ૨૮ | સન ૧૯૬૬-૬૭ના નાણાકીય વર્ષથી મુખ્ય સદરોને બદલે વહીવટી વિભાગ પ્રમાણે અંદાજપત્ર તૈયાર કરવાની પદ્ધતિ અપનાવવામાં આવી છે. આથી અનુદાનો માટેની માગણીઓની સંખ્યા વધી છે. |
| ૩ | ૬૬-પ્રાદેશિક અને રાજકીય પેન્શન (સા. વ. વિભાગ) | | |
| ૧૨ | ૧૯-સામાન્ય વહીવટ (કાયદા વિભાગ) | | |
| ૧૩ | ૨૧-ન્યાયતંત્રનો વહીવટ (કાયદા વિભાગ) | | |
| ૧૪ | ૨૬-પરચુરણ ખાતાં<br>૭૧-પરચૂરણ (કાયદા વિભાગ) | | |
| ૧૬ | ૧૯-સામાન્ય વહીવટ (બાંધકામ વિભાગ) | | |
| ૧૭ | ૪૨-બહુલક્ષી નદી યોજનાઓ,<br>૪૩-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો (વાણિજ્યિક)<br>૪૪-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો (બિન-વાણિજ્યિક) (બાંધકામ વિભાગ) | | |
| ૧૯ | ૫૦-રાજ્ય બાંધકામ (બાંધકામ વિભાગ) | | |
| ૨૦ | ૫૩-બંદરો અને બંદર વિષયક માર્ગદર્શન (બાંધકામ વિભાગ) | | |
| ૨૧ | ૯-જમીન મહેસૂલ (મહેસૂલ વિભાગ) | | |
| ૨૪ | ૧૯-સામાન્ય વહીવટ (મહેસૂલ વિભાગ) | | |
| ૨૫ | ૩૩-એ, ડાંગ જિલ્લો (મહેસૂલ વિભાગ) | | |
| ૨૬ | ૬૪-દુષ્કાળ રાહત (મહેસૂલ વિભાગ) | | |
| ૨૯ | ૧૯-સામાન્ય વહીવટ (પંચાયત અને આરોગ્ય વિભાગ) | | |
| ૩૦ | ૨૯-તબીબી (પંચાયત અને આરોગ્ય વિભાગ) | | |
| ૩૧ | ૩૦-જાહેર આરોગ્ય (પંચાયત આ. વિભાગ) | | |
| ૩૨ | ૩૭-સમૂહ વિકાસ યોજના કામો, રાષ્ટ્રિય વિસ્તરણ સેવા અને સ્થાનિક વિકાસ કામો (પં. આ. વિભાગ) | | |
| ૩૩ | ૨૬-પરચૂરણ ખાતાં<br>૩૪-સહકાર<br>૩૯-પરચૂરણ, સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો.<br>૫૦-રાજ્ય બાંધકામો<br>૭૧-પરચૂરણ<br>૭૬-બીજા પરચૂરણ અને નામફેર (પં. આ. વિભાગ) | | |
| ૩૪ | ૧૦-રાજ્ય આબકારી જકાત (શિ. મ. વિભાગ) | | |
| ૩૬ | ૧૯-સામાન્ય વહીવટ (શિ. મ. વિભાગ) | | |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૭ | ૨૮-શિક્ષણ (શિ. મ. વિભાગ) | | |
| ૩૮ | ૩૮-મજૂરી અને રોજગાર | | |
| | ૭૧-પરચૂરણ (શિ. મ. વિભાગ) | | |
| ૩૯ | ૨૭-વૈજ્ઞાનિક ખાતાં | | |
| | ૩૧-ખેતી | | |
| | ૩૪-સહકાર | | |
| | ૩૫-ઉદ્યોગ | | |
| | ૩૯-પરચૂરણ, સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો (શિ. મ. વિભાગ) | | |
| ૪૦ | ૧૧-વાહનો પર કર | | |
| | ૧૩-બીજા કર અને જકાત (ગૃહ વિભાગ) | | |
| ૪૧ | ૧૯-સામાન્ય વહીવટ (ગૃહ વિભાગ) | | |
| ૪૩ | ૨૩-પોલીસ (ગૃહ વિભાગ) | | |
| ૪૪ | ૨૬-પરચૂરણ ખાતાં | | |
| | ૩૯-પરચૂરણ, સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો | | |
| | ૭૧-પરચૂરણ (ગૃહ વિભાગ) | | |
| ૪૭ | ૧૯-સામાન્ય વહીવટ (ઉ. ખા. વિ. વિભાગ) | | |
| ૪૮ | ૩૫-ઉદ્યોગો (ઉ. ખા. વિ. વિભાગ) | | |
| ૫૦ | ૭૧-પરચૂરણ (ઉ. ખા. વિ. વિભાગ) | | |
| ૫૨ | ૧૯-સામાન્ય વહીવટ (ખે. સ. વિભાગ) | | |
| ૫૩ | ૩૧-ખેતી (ખે. સ. વિભાગ) | | |
| ૫૪ | ૩૩-પશુપાલન (ખે. સ. વિભાગ) | | |
| ૫૫ | ૩૪-સહકાર (ખે. સ. વિભાગ) | | |
| ૫૭ | ૭૦-વન (ખે. સ. વિભાગ) | | |
| ૫૯ | ૧૯-સામાન્ય વહીવટ (ના. પૂ. વિભાગ) | | |
| ૬૦ | ૨૫-પૂરવઠાનો નિકાલ (ના. પૂ. વિભાગ) | | |
| ૬૧ | ૨૬-પરચૂરણ ખાતાં (ના. પૂ. વિભાગ) | | |
| ૬૪ | ૯૮-બહુલક્ષી નદી યોજનાઓ પર કેપિટલ ખર્ચ | | |
| | ૯૯-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો પર કેપિટલ ખર્ચ (વાણિજ્યિક) | | |
| | ૧૦૦-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો પર કેપિટલ ખર્ચ (બિન-વાણિજ્યિક) (બાંધકામ વિભાગ) | | |
| ૬૫ | ૧૦૧-વીજળી યોજનાઓ પર કેપિટલ ખર્ચ (બાંધકામ વિભાગ) | | |
| ૬૬ | ૧૦૩-રાજ્ય બાંધકામ પર કેપિટલ ખર્ચ (બાંધકામ વિભાગ) | | |
| ૬૭ | ૧૦૭-ગુજરાતના પાટનગર અંગે ખર્ચ (બાંધકામ વિભાગ) | | |
| ૬૮ | ૧૧૦-બંદરો પર કેપિટલ ખર્ચ (બાંધકામ વિભાગ) | | |
| ૭૦ | ૧૦૯-બીજા કામો પર કેપિટલ ખર્ચ (મહેસૂલ વિભાગ) | | |
| ૭૧ | ૯૪-જાહેર આરોગ્યની સુધારણા પર કેપિટલ ખર્ચ | | |
| | ૧૦૦-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલના કામો પર કેપિટલ ખર્ચ (વાણિજ્યિક) (પં. આ. વિભાગ) | | |
| ૭૩ | ૯૬-ઔદ્યોગિક અને આર્થિક વિકાસ પર કેપિટલ ખર્ચ (ઉ. ખા. વિ. વિભાગ) | | |
| ૭૪ | ૯૫-ખેતી સુધારણા અને સંશોધન પર કેપિટલ ખર્ચ (ખે. સ. વિભાગ) | | |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૭૫ | ૯૬-ઔદ્યોગિક અને આર્થિક વિકાસ પર કેપિટલ ખર્ચ (ખે. સ. વિભાગ) | | |
| ૭૬ | ૧૦૯-બીજા કામો પર કેપિટલ ખર્ચ (ખે. સ. વિભાગ) | | |
| ૭૭ | ૧૧૯-વન અંગે કેપિટલ ખર્ચ (ખે. સ. વિભાગ) | | |
| ૭૯ | ૧૨૪-સરકારી વેપાર યોજનાઓ પર કેપિટલ ખર્ચ. (ના. પૂ. વિભાગ) | | |
| ૮૯ | કયુ-રાજ્ય સરકાર તરફથી લોન અને પેશગીઓ (પં. આ. વિભાગ) | | |
| ૯૦ | કયુ-રાજ્ય સરકાર તરફથી લોન અને પેશગીઓ (શિ. મ. વિભાગ) | | |

## પત્રક ક્રમાંક - ૯

## સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેની પૂરક માગણીઓ

| રજૂ થયેલી પૂરક માગણીઓની સંખ્યા. | જે પૂરક માગણીઓ પર ચર્ચા કરવામાં આવી તેની સંખ્યા અને હિસાબના સદરો | | ચર્ચા વગર પસાર (ગિલેટીન) થયેલી પૂરક માગણીઓની સંખ્યા. | શેરો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ |
| | | કુલ ૧૦ પૂરક માગણીઓ | | |
| ૩૮ | ૧ | ૨૭-વૈજ્ઞાનિક ખાતાં | ૨૮ | — |
| | ૨ | ૨૮-શિક્ષણ | | |
| | ૩ | ૨૯-તબીબી | | |
| | ૪ | ૩૦-જાહેર આરોગ્ય | | |
| | ૫ | ૩૯-પરચૂરણ, સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો | | |
| | ૬ | ૪૨-બહુલક્ષી નદી યોજનાઓ | | |
| | | ૪૩-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો (વાણિજ્યિક) | | |
| | | ૪૪-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો (બિન-વાણિજ્યિક) | | |
| | ૭ | ૬૪-દુષ્કાળ રાહત | | |
| | ૮ | ૯૬-ઉદ્યોગ અને આર્થિક વિકાસ પરનું કેપિટલ ખર્ચ | | |
| | ૯ | ૯૮-બહુલક્ષી નદી યોજનાઓ પરનું કેપિટલ ખર્ચ | | |
| | | ૯૯-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણીના નિકાલનાં કામો પરનું કેપિટલ ખર્ચ (વાણિજ્યિક) | | |
| | | ૧૦૦-સિંચાઈ નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો પરનું કેપિટલ ખર્ચ (બિન-વાણિજ્યિક) | | |
| | ૧૦ | ૧૨૪-સરકારી વેપાર યોજનાઓ પરનું કેપિટલ ખર્ચ. | | |

## પત્રક ક્રમાંક—૧૦

### તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)

| ક્રમાંક | પ્રશ્નોના પ્રકાર | મળેલા | દાખલ કરેલા | દાખલા ન કરેલા | પાછા ખેંચી લીધેલા | સ્પષ્ટીકરણ માટે સભ્યશ્રીને કે સરકારને મોકલેલા | એકત્રીત | ગૃહમાં જવાબ આપ્યા હોય તેવા | સમયના અભાવે રજૂ ન થયા હોય તેવા | ગૃહમાં જવાબ આપ્યા હોય તેવા પ્રશ્નોની ટકાવારી | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | તારાંકિત | ૭૭૯ | ૩૩૪ | ૨૯૩ | ૪ | ૧૪૮ | ૭ | *૧૮૯ | — | ૫૬.૬ | |
| ૨ | અતારાંકિત | ૯૩ | ૮૮ | ૫ | ૧ | — | -- | **૬૭ | — | ૭૬.૧ | |
| ૩ | ટૂંકી મુદત | ૩૭ | @૧૬ | ૧૦ | -- | ૧ | ૪ | ૧૩ | — | ૮૧.૨ | |

*આગળના ૨૮૭ પ્રશ્નોના જવાબો આ અધિવેશન દરમિયાન આપવામાં આવ્યા હતા તથા ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૧ અન્વયે અધિવેશનને છેલ્લે દિવસે વિધાનસભાના મેજ ઉપર ૮૨ તારાંકિત પ્રશ્નોના તથા ૪૨ અતારાંકિત પ્રશ્નોના જવાબો મૂકવામાં આવેલ હતા.

**આગળના ૧૨૫ અતારાંકિત પ્રશ્નોના જવાબો આ અધિવેશન દરમિયાન આપવામાં આવ્યા હતા.

@ આ ઉપરાંત ૧૦ પ્રશ્નો તારાંકિત તરીકે દાખલ કરવામાં આવ્યા હતા, જેમાંથી ત્રણ પ્રશ્નોના જવાબ સત્ર દરમ્યાન અપવમાં આવ્યા હતા.

## પત્રક ક્રમાંક-૧૧

### તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

| ક્રમાંક | વિભાગ | મળેલા | દાખલ કરેલા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધેલા | સ્પષ્ટીકરણ માટે સભ્યશ્રી કે સરકારને મોકલેલા | એકત્રિત કરેલા | ગૃહમાં જવાબ આપવામાં આવેલા | સમયને અભાવે ગૃહમાં રજૂ ન થયા હોય તેવા | ગૃહમાં જવાબ આપ્યા હોય તેવા પ્રશ્નોની ટકાવારી | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | સામાન્ય વહીવટ | ૨૧ | ૫ | ૧૦ | — | ૬ | — | ૧ | — | — | — |
| ૨ | નાણાં | ૪ | ૧ | ૨ | — | ૧ | — | ૧ | — | — | — |
| ૩ | કાયદા | ૮ | ૩ | ૨ | — | ૩ | — | ૧ | — | — | — |
| ૪ | જાહેર બાંધકામ | ૧૦૯ | ૪૮ | ૩૬ | — | ૨૫ | ૧ | ૨૭ | — | — | — |
| ૫ | મહેસૂલ | ૧૪૯ | ૬૦ | ૪૮ | ૧ | ૪૦ | ૧ | ૨૭ | — | — | — |
| ૬ | પંચાયત અને આરોગ્ય | ૧૧૭ | ૪૦ | ૫૩ | ૧ | ૨૩ | — | ૨૪ | — | — | — |
| ૭ | શિક્ષણ અને મજૂર | ૬૮ | ૩૦ | ૨૬ | ૧ | ૧૧ | ૨ | ૨૩ | — | — | — |
| ૮ | ગૃહ | ૧૨૧ | ૫૫ | ૫૪ | — | ૧૨ | ૨ | ૩૩ | — | — | — |
| ૯ | નાગરિક પૂરવઠા | ૨૭ | ૧૫ | ૯ | ૧ | ૨ | — | ૧૦ | — | — | — |
| ૧૦ | ઉદ્યોગ, ખાણ અને વીજળી | ૩૯ | ૨૨ | ૧૨ | — | ૫ | ૧ | ૧૨ | — | — | — |
| ૧૧ | ખેતીવાડી અને સહકાર | ૧૧૬ | ૫૫ | ૪૧ | — | ૨૦ | — | ૩૦ | — | — | — |
| | | ૭૭૯ | ૩૩૪ | ૨૯૩ | ૪ | ૧૪૮ | ૭ | ૧૮૯ | — | ૫૬.૬ | — |

## પત્રક ક્રમાંક-૧૨

### અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

| ક્રમાંક | વિભાગ | મળેલા | દાખલ કરેલા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધેલા | સ્પષ્ટીકરણ માટે સભ્યશ્રી કે સરકારને મોકલેલા | એકત્રિત કરેલા | ગૃહમાં જવાબ આપવામાં આવેલા | સમયને અભાવે ગૃહમાં રજૂ ન થયા હોય તેવા | ગૃહમાં જવાબ આપ્યા હોય તેવા પ્રશ્નોની ટકાવારી | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | સામાન્ય વહીવટ | ૩ | ૨ | ૧ | — | — | — | ૧ | — | — | — |
| ૨ | નાણાં | — | — | — | — | — | — | — | — | — | — |
| ૩ | કાયદા | — | — | — | — | — | — | — | — | — | — |
| ૪ | જાહેર બાંધકામ | ૧૧ | ૧૧ | — | — | — | — | ૮ | — | — | — |
| ૫ | મહેસૂલ | ૧૪ | ૧૩ | ૧ | — | — | — | ૧૧ | — | — | — |
| ૬ | પંચાયત અને આરોગ્ય | ૭ | ૭ | — | — | — | — | ૭ | — | — | — |
| ૭ | શિક્ષણ અને મજૂર | ૯ | ૬ | ૩ | — | — | — | ૨ | — | — | — |
| ૮ | ગૃહ | ૧૮ | ૧૮ | — | ૧ | — | — | ૧૧ | — | — | — |
| ૯ | નાગરિક પૂરવઠા | ૭ | ૭ | — | — | — | — | ૭ | — | — | — |
| ૧૦ | ઉદ્યોગ, ખાણ અને વીજળી | ૮ | ૮ | — | — | — | — | ૬ | — | — | — |
| ૧૧ | ખેતીવાડી અને સહકાર | ૧૬ | ૧૬ | — | — | — | — | ૧૪ | — | — | — |
| | | ૯૩ | ૮૮ | ૫ | ૧ | — | — | ૬૭ | — | ૭૬.૧ | — |

## પત્રક ક્રમાંક-૧૩

### બિન-સરકારી સંકલ્પો

| | | |
|---|---|---|
| ૧ | ફાળવેલા દિવસોની સંખ્યા | ૨ |
| ૨ | સંકલ્પોની મળેલી સૂચનાઓની સંખ્યા | ૧૮૮ |
| ૩ | દાખલ ન થયેલા સંકલ્પોની સંખ્યા | ૫ |
| ૪ | દાખલ કરવામાં આવેલા સંકલ્પોની સંખ્યા | ૧૮૩ |
| ૫ | બેલટમાં લીધેલા સંકલ્પોની સંખ્યા— | |
| | (૧) પહેલા દિવસ માટે | ૭૦ |
| | (૨) બીજા દિવસ માટે | ૧૬૯ |
| ૬ | રજૂ ન થયેલા સંકલ્પોની સંખ્યા | ૩ |
| ૭ | રજૂ કરવામાં આવેલા, પરંતુ ચર્ચાને અંતે પાછા ખેંચી લીધેલા સંકલ્પોની સંખ્યા (બીજા ૨૦ સંકલ્પો આવા જ હતા.) | ૭ |
| ૮ | રજૂ કરવામાં આવેલા, પરંતુ મત માટે મૂકાતાં સભાગૃહે અસ્વીકાર કર્યો હોય તેવા સંકલ્પોની સંખ્યા. (બીજો ૧ સંકલ્પ આવો જ હતો.) | ૧ |
| ૯ | રજૂ કરવામાં આવેલા અને સભાગૃહે સ્વીકાર કર્યો હોય તેવા સંકલ્પોની સંખ્યા | ૧ |
| ૧૦ | સૂચના રદ થઈ હોય તેવા સંકલ્પોની સંખ્યા | ૧૫૦ |

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૫ (બીજા પ્રસ્તાવો) હેઠળની સૂચનાઓ

| મળેલી સૂચનાઓની સંખ્યા | નામંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી, વિગેરે | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચાયાની તારીખ / ચર્ચા માટે આપવામાં આવેલ સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | ૧ | ૬ | *૧. સંસદ, રાજ્ય વિધાન મંડળો અને તેના સભ્યોની સત્તાઓ, વિશેષાધિકારો અને ઉન્મુકિતઓ બાબત. | શ્રી બ્રહ્મકુમાર ર. ભટ્ટ, શ્રી છબીલદાસ પ્રા. મહેતા, યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા. | ચર્ચા માટે લેવાઈ ન હતી. |
| | | | @૨. ખાતરી સમિતિના આઠમા અહેવાલની અમૂક ભલામણો વિચારણામાં લેવા બાબત. | શ્રી છબીલદાસ પ્રા. મહેતા, યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા, શ્રી રતિભાઈ ઉ. પટેલ. | ચર્ચા માટે લેવાઈ ન હતી. |

*ત્રણે સભ્યોએ અલગ અલગ સૂચનાઓ આપી હતી. આથી ત્રણે સભ્યોનાં નામ જોડીને એકત્રિત કરીને સૂચના દાખલ કરવામાં આવી હતી.

@ત્રણે સભ્યોએ અલગ અલગ સૂચનાઓ આપી હતી. આથી ત્રણે સભ્યોનાં નામ જોડીને એકત્રિત કરીને સૂચના દાખલ કરવામાં આવી હતી.

પત્રક ક્રમાંક - ૧૫

## વિભાજન

| અનુક્રમાંક | તારીખ | પ્રસ્તાવ રજૂ કરનાર સભ્યશ્રીનું નામ | પ્રસ્તાવ | પ્રસ્તાવની તરફેણમાં | પ્રસ્તાવની વિરૂદ્ધમાં | પરિણામ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૧૬-૨-૧૯૬૬ | શ્રી ~~નારણદાસ પી. પોપટ~~ છબીલદાસ પ્રા. મહેતા | વિ.સ.સ. શ્રી છબીલદાસ પ્રા. મહેતાનો સંકલ્પ પાછો ખેંચી લેવા બાબતનો પ્રસ્તાવ. | ~~૨૭~~ ૯૧ | ~~૮૧~~ ૨૦ | સંકલ્પ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવી. |
| ૨ | ૨૫-૨-૧૯૬૬ | શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્ય | સન ૧૯૬૬નું વિધેયક ક્રમાંક ૩-સન ૧૯૬૬નું મુંબઈ કોર્ટ ફી (ગુજરાત સુધારા) વિધેયકના પહેલા વાંચન માટેનો પ્રસ્તાવ. | ૧૫ | ૬૭ | વિધેયક નામંજૂર થયું. |
| ૩ | ૨૫-૩-૧૯૬૬ | શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્ય | સન ૧૯૬૬નું વિધેયક ક્રમાંક ૬-સન ૧૯૬૬નું ગુજરાત નગરપાલિકા (સુધારા) અને (પેટલાદ નગરપાલિકાને કાયદેસર ઠરાવતી જોગવાઈઓ) બાબતના વિધેયકના પહેલા વાંચન પરનો પ્રસ્તાવ. | ૧૪ | ૩૦ | વિધેયકનું પહેલું વાંચન કરવા દેવામાં આવ્યું. |



Hb—126—7
સરકારી મધ્યસ્થ પ્રેસ, અમદાવાદ.